શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

નવેમ્બર - ૨૦૦૬'

છુટક નકલ રૂા. ૧/-

# સમયની સુરાવલી

**સમયની કિંમત સમજવા માટે પૂછો???**

- એ વિદ્યાર્થીને કે નાપાસ થવાથી જેનું એક વર્ષ બગડયું
- એ માતાને કે જેણે બાળકને એક મહીનો વહેલો જન્મ આપ્યો.
- એ તંત્રીને જે એક મેગેઝીન દર અઠવાડીયે બહાર પાડે છે.
- એ મજૂરને જેને છ બાળકો છે અને પગાર પ્રતિદિવસનો મળે છે.
- એ પ્રેમીને જે મિલન માટે એક કલાકથી રાહ જુવે છે.
- એ યાત્રિકને જે ટ્રેઈન ચૂકી ગયો છે એક મીનીટ માટે.
- એને જે ગંભીર અકસ્માત થતા એક સેંકડ માટે બચી ગયો
- એ રમતવીરને જેણે એક મિલિસેંકડના ફરકમાં સુવર્ણચંદ્રક ગુમાવ્યો.
- એ માણસને જેણે એક તક ગુમાવી અને આખી જિંદગીનો અફસોસ રહી ગયો.

સમયનું એ અમૂલ્ય ધન તમને મળે તેનો એક એક પળ અવસર સમજીને તમારા માટે, પડોશી માટે, તમારા સૌથી વહાલા માટે વાપરો અને યાદ રાખો કે સમયનું પૈડું અવિરત ફર્યા જ કરે છે. કદી અટકતું નથી. આપણે જે મેળવીએ છીએ તેનાથી જિંદગી બનાવીએ છીએ. પણ હવેથી આપણે જે આપીએ, વાપરીયે અન્ય માટે તેનાથી આપણી જીંદગી કેટલી દિવ્ય બને છે. રોજ સૂર્ય ઉગે છે ને પ્રભુ આપણને '૮૬,૪૦૦' સેંકડ આપે છે. તેનો વધુમાં વધુ ઉપયોગ કરીયે સમાજનું ઋણ ચૂકવવામાં.

*- સંકલન*



# શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) પુરસ્કૃત

# ટેલીફોન ડીરેકટરી ૧૦મી આવૃત્તિ

## જાહેર ખબર

આ ટેલિફોન ડીરેક્ટરીમાં થોડી જાહેરખબરો લેવામાં આવશે. વહેલો તે પહેલોના ધોરણે જેના દર નીચે મુજબના છે.

| | |
|---|---|
| **1. Front Cover Back** | **10,000.00** |
| **2. 1st Page (Front Cover Back Opposite)** | **10,000.00** |
| **3. Last Cover Back** | **10,000.00** |
| **4. Last Page (Last Cover Back Opposite)** | **10,000.00** |
| **5. 1st Page Back (2nd page)** | **5,000.00** |
| **6. Last Page Back (2nd Last Page)** | **5,000.00** |
| **7. Full Page Inside** | **2,000.00** |
| **8. Lable Tag.** | **5,000.00** |
| **9. Well wisher 'Strip' on Each page** | **3,00.00** |

(''જે જે શ્રી ગોકલેશ'' નામ અને એક ટેલિફોન નંબર લખાશે.)

**ફક્ત ૧૫૦ નામ લેવાના છે. વહેલો તે પહેલો ધોરણે.**

નમ્ર વિનંતી આવનાર કાર્યકર્તાઓને આપનો સાથ સહકાર આપશો.

***સંયોજક : હેમેન્દ્ર આર. શાહ - ૯૮૨૦૦ ૧૧૫૮૬, ૨૮૦૫ ૦૭૩૫***

***મંત્રી : પ્રદીપ પ્ર. કડકીયા - ૨૨૦૧ ૮૩૨૬***

આ સાથે ટેલિફોન ડીરેક્ટરી માટે છેલ્લી વાર ફોર્મ છપાવ્યું છે. તા. ૨૫-૯-૨૦૦૬ સુધીમાં જેમણે ન મોકલાવ્યું હોય તે ફોર્મ લાસ્ટ ટેલિફોન ડીરેક્ટરી પ્રમાણે પ્રીન્ટિંગ થઈ જશે. ૯મી આવૃત્તિ પછી પરણેલા છોકરાઓના (ફોર્મની ઝેરોક્ષ કરાવી) અલગ આપણી દીકરીઓના ફોર્મમાં પહેલા પિતાના નામ સાથે લખવું અને બીજી લાઈનમાં એના પતિ સાથે નામ લખવું. આ આવૃત્તિમાં બાલાસિનોર, બહાર ગામ તથા આઉટ ઓફ ઈન્ડિયામાં રહેતા બાલાસિનોરવાસીઓના ટેલિફોન, મોબાઈલ, ઈ-મેઈલનો સમાવેશ કરવામાં આવશે. તો એની વિગતો મુંબઈમાં રહેતા એમના સગા-વ્હાલાઓ અમને આપી શકશે અથવા બહારગામ રહેતા ડાયરેક્ટર અમને પોસ્ટ - કુરીયર કરી મોકલી આપે. આપનો સાથ સહકાર આપવા વિનંતી.

***મંત્રી : પ્રદીપ કડકીયા - સંયોજક : હેમેન્દ્ર શાહ***

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૯ | ૮ | ૧૪-૧૧-૨૦૦૬ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન** : ૨૪૪૪ ૯૯૧૬ • ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# સગાં - વ્હાલા

**તંત્રી સ્થાનેથી**

*''તુષાર બેટા આજે ફઈને ત્યાં જમવા જવાનું છે. સાંજે વહેલો આવી જજે.'' Oh No Mom આજે ફ્રેન્ડની ઘરે પાર્ટી છે. યુ નો મમ્મી મને કાકાઓ કે ફઈઓની ઘરે જવું ગમતું નથી ત્યાં શું કરવાનું. Once a while દિવાળીમાં મળીએ છીએ એટલું ઘણું છે. પણ બેટા... MOM... MOM-OM સારું તારે જે કરવું હોય તે કર. આવી રીતના કેટલાક સંવાદો હવે આપણે ત્યાં સામાન્ય થઈ ગયા છે. ફોરેનમાં રહેતા એક બેને પોતાની બેનની છોકરીને પૂછ્યું. I Miss India very much તમે બધા માસી મામાના છોકરાઓ કેવા એકબીજાને મળો. એક બીજાની ઘરે જમવા જાય. We Miss all these. ત્યારે પેલી છોકરીએ જવાબ આપ્યો. ''માસી એ લોકોને ઘરે ગયેતો મારે બે વર્ષ થઈ ગયા Functionમાં મળીએ છીએ ઘરે જઈ શું કરવાનું અને આજ છોકરીને પુછીએ કે તમે તમારી પેલી ફ્રેન્ડ રેખાના ઘરે કેટલી વાર જાય છે તો કહેશે Oh every week. વીકમાં એક વાર ન મળીએ તો અમને ચાલે જ નહીં અને Every Sunday તો અમે સાથે જ હોઈએ. આમ આજે આપણા ગામમાં સગાં અને વહાલા બે જુદા શબ્દો બની ગયા છે. સગાં એટલે જેBlood Relationથી સગાં બની ગયા છે. જેમાં આપણી કોઈ Choice નથી અને મિત્રો અને મિત્રોનું ગ્રુપ આપણું વહાલું બની ગયું છે. કુટુંબ મા-બાપ, ભાઈ-બહેન, છોકરા-છોકરી સુધી સીમીત થઈ ગયું છે. મામા, કાકા, માસી, ફઈ હવે ફક્ત સગાં છે સગાવહાલા નહીં અને એમના છોકરા છોકરીઓ? લાખ ફાવે તો નામે ખબર ના હોય. અને એના પછીની પેઢી OH NO! How can I remember so many Relatives.*

આ વાતાવરણ આપણે સૌ જોઈએ છીએ હવે ગ્રુપ વધતા જાય છે. મિત્ર વર્તુળ વધતા જાય છે. હા. સગાઓમાં સરખે સરખા છોકરાઓ હોય તો મિત્ર તરીકે ગ્રુપ બની જાય પણ પછી મારા માસીનો છોકરો છે એમ નહીં. મારો મિત્ર છે. આમ કેમ? થોડુંક પૃથક્કરણ મારી રીતે કર્યું છે.

થોડા વર્ષો પહેલાં કુટુંબો એટલા મોટા હતા કે બે-ત્રણ પેઢીના નામ ગણીએ તો એક જ કુટુંબમાં ૧૦૦ થી ૧૫૦ માણસો થાય. દરેકના નેચર અલગ, ધંધા અલગ, Status અલગ પૈસાની દ્રષ્ટિએ કે મોભાની દ્રષ્ટિએ. વ્યક્તિત્વ અલગ અલગ, ઘણી વાર ભાઈઓ સાથે ધંધો કરતાં કરતાં છુટા પડ્યા હોય. બેન બનેવી સાથે કૌટુંબિક કારણસર વાંધો પડ્યો હોય આમ ૧૫૦માંથી ઘણા ઓછા લોકોને એકબીજા સાથે ખરેખર કંઈ પણ વાંધા સિવાયનો સંબંધ હોય. લગ્ન પ્રસંગે આપણને તો પૂછ્યું પણ નહીં. વહેવાર આપણે કેટલો બધો કર્યો અને એમના ઘરે લગ્નમાં એક સાડી પણ ન આપી. એની છોકરીને સારું ઘર મળ્યું એટલે આપણો ભાવ પણ નથી પૂછતી જોઈ મોટી પૈસાવાળી કે, છોકરો બે પૈસા શું કમાઈ ગયો હવામાં ઉડવા લાગ્યાં છે ઘરે પણ આવતા નથી. કે તબિયતનું તો બહાનું, આખા ગામમાં ફરે છે આપણી ઘરે આવતાં જ જોર આવે છે. જોયું ને કંકોતરી આપવા એકલી જ આવી કેમ સગાંની ઘરે સાથે ન અવાય અને મારા જમાઈને તો કિરતનીયામાં પણ નથી બોલાવ્યા હું મારી છોકરીને મુકીને એના ઘરે જવાની નથી. ભાઈઓમાં... જોયું ને તમારા ભાઈએ ધંધો શરૂ કર્યો. ભાઈઓને ઊંચા લાવ્યા ભણાવ્યા ગણાવ્યા અને માંદા પડીને છ મહિના ઘરે રહેવાનું આવ્યું એમાં પેટમાં દુઃખી આવ્યું તે છૂટા થવાની વાતો કરે છે. અમારો છોકરો નાનો એથી શું થઈ ગયું બધું એમના છોકરાએ પડાવી લીધું છે મારા બિટ્ટુનું શું યે થશે. સગાઓ ભેગા મળે તોયે આજ વાત તને ખબર છે. પેલા કોકીલા માસીની ઘરે ગઈતી મને કે ઘણા વર્ષે દેખાયા ને કંઈ? તેં એ કેટલું આવી ને ઊંધા થઈ ગયા અને બધી પંચાત કરી લીધી વહુનું શું છે ને જમાઈનું શું છે. એમે નહીં કે જમીને જજો કે સુરેશકુમારને અહીં બોલાવી લો સાથે જમીશું. પછી એમના ઘરે જવાનું શું મન થાય. આમ કૌટુંબિક મતભેદ, સારા ખરાબ પ્રસંગે થયેલા ખરાબ અનુભવોના કારણે સગાઓ એકબીજાથી દુર થવા લાગ્યા છે. ભાઈ-બહેનો સુધી તો ઠીક પણ એમના છોકરાઓ સુધી એકબીજાને બાંધતો પ્રેમનો તંતુ તૂટતો ગયો અને સગાવ્હાલામાંથી ફક્ત સગા રહી ગયા. બીજી બાજુ સરખા ભણતરવાળા કે સરખાં Interestવાળા, સરખાં Statusવાળા અને સરખાં Aimવાળા મિત્રો વધુને વધુ નિકટ આવતાં ગયાં એમને એકબીજાની વચ્ચે મા-બાપના વાંધા વચકા કે વણસેલા સંબંધો પરાણે ટકાવી રાખેલા સંબંધો વચ્ચે નથી આવતાં તેઓ મળે ત્યારે એકબીજાની પંચાત નહીં પણ શોખની પોતાના Achievmentની પોતાની તકલીફોની ને એના ઉકેલની વાતો વિના કોઈ સંકોચે કરે છે. એમને મિત્રો સાથે કે એમની પત્ની સાથે આમ ન બોલાય કે આમ ન કહેવાય એવા બંધનો નથી આવતાં. સરખી ઉંમરના હોવાથી છોકરાઓ અને પત્નીઓ પણ સરખી ઉંમરના હોવાથી એમના પણ રસના વિષયો એક જ હોય છે. ખાસ તો મિત્ર મળે છે ત્યારે Mind લગભગ Fresh થઈ જાય છે એણે મને આમ કહ્યું અને મારી મમ્મી માટે આમ બોલ્યા તે પંચાતો થઈ એવી બધી ફરિયાદો લઈને ભારે મગજે ઘરે જવાનું બનતું નથી.

હવે તો જો કે મિત્રવર્તુળોમાં પણ બે રીતના ગ્રુપ થવા લાગ્યા છે. એક ખાસ મિત્રોનું નાનું ગ્રુપ જેઓ એક બીજાની વધુ નજીક હોય અને પોતાના વિચારો તકલીફ એના ઉકેલની આપલે કરે એકબીજાના ઘરે અથવા બહાર દર અઠવાડિયે કે એમ મળતાં હોય અને

*બીજું મોટું ગ્રુપ જેવું કે જેમાં વર્ષનું ભંડોળ ઉઘરાવતું હોય અને Fixed Programme માં મિત્રો એકબીજાને મળતાં હોય જે કહેવાય તો મિત્રોનું એક વર્તુળ પણ જેમાં એક બીજા સાથે દિલનો સંબંધ પણ ન હોય પણ સારા ખરાબ પ્રસંગે એકબીજાની ઓથ મળી રહે. આમ આજે એવું થાય છે કે, સગાવ્હાલામાં જે સગા છે તે વ્હાલા નથી અને જે વ્હાલા છે એ સગાં નથી. જો કે આ પરિસ્થિતિને સમજીને કેટલાક કુટુંબોમાં મહિને એકાદ વખત કુટુંબોની મીટિંગ એકબીજાને ઘરે થાય છે અને એમાં સગાં વ્હાલા થઈને મળે છે. પણ આપણી આવતી પેઢી આ બન્ને વચ્ચેનું બેલેન્સ કેવી રીતે સાચવે છે એ જોવાનું છે. લોહીના સંબંધો સચવાય છે કે હૃદયના.*

**(સંબંધો સાચવવાની રીત 'ચાલ ફરીથી રમીએ'માં વાંચો)**

**- *નિખિલ પરીખ***

# પી.વી.વિદ્યાલય, બાલાસિનોરનું ગૌરવ

ખેડા જિલ્લા કક્ષાએ બાળ, જુનિયર અને સિનિયર વિભાગની સ્પર્ધાઓ તા. ૩-૧૦-૨૦૦૬ તથા ૪-૧૦-૨૦૦૬ના રોજ ડીગ્રી કોલેજ ઓફ ફીઝીકલ એજ્યુકેશન, મહેમદાવાદ ખાતે યોજાયેલ. જેમાં પી.વી.વિદ્યાલય, બાલાસિનોરની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે.

જેમાં તા. ૩-૧૦-૨૦૦૬ના રોજ બાળવિભાગમાં ઠાકોર શીતલ કનુભાઈએ ૧૦૦ મીટર દોડ તથા ઊંચી કૂદમાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

તા. ૪-૧૦-૨૦૦૬ના રોજ જુનિયર વિભાગમાં પોકાર હેતલ એન. ગોળાફેંક, બરછીફેંક તથા ચક્રફેંકમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે તથા ૪ x ૧૦૦ મીટર રીલે દોડમાં પોકાર હેતલ એન., પટેલ રૂપલ એચ., પટેલ કનીષા સી., તથા મકવાણા નમ્રતા એ. તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

સિનિયર વિભાગમાં પટેલ કામિની એન. ૩૦૦૦ મીટર દોડમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ તમામ વિદ્યાર્થીનીઓને શાળાના વ્યાયામ શિક્ષક શ્રી ભરતભાઈ એન. પટેલે માર્ગદર્શન અને પ્રેરણા પુરી પાડી તથા શાળાના આચાર્યશ્રી નીરૂબેને મેળવેલ સિધ્ધી બદલ અભિનંદન પાઠવ્યા.

# ચાલ ફરીથી રમીએ

ઘણી વખત કોઈ મિત્રનો વર્ષ પછી કોઈ પ્રસંગે ફોન આવે તો જાણે વચ્ચે સમયનો કોઈ gap જ નહોતો એવું લાગે અને અડધો-પોણો કલાક વાત ચાલે, પોતાના સુખદુ:ખના અનુભવ અને ભૂતકાળની યાદો વાગોળીને મન એકદમ પ્રફુલ્લિત થઈ ગયું હોય એવું લાગે. આખો દિવસ આનંદમાં, ખુશીનું ગીત ગણગણતા પસાર થઈ જાય.

ઘણાં સંબંધો એવા હોય કે સાચવવા પડે. થોડા થોડા દિવસે યાદ રાખીને મળવા જવું પડે અથવા ફોન કરવો પડે. નહીં તો ખરાબ લાગશે, મ્હેણાં મારશે અથવા કંઈક સંભળાવશે અને ખરેખર એવું જ થાય જ્યારે મળે ત્યારે ''તમે તો મોટા માણસ થઈ ગયા છો, ફોન પણ નથી કરતા'' વગેરે સાંભળીને માત્ર બે મિનિટની વાતો દરમિયાન પણ હૃદય ભારે થઈ ગયું હોય એવું લાગે. એમ લાગે કે ''ક્યાં મળી ગયા ?'' આખો દિવસ બગડી ગયો હોય એવું લાગે. બીજી વખત દૂરથી દેખાય તો દિશા બદલી નાખવાનું મન થાય. સાચા સંબંધોને સાચવવા નથી પડતા અને સાચવવા પડે એ સંબંધ સાચા નથી હોતા.

સંબંધ તો 'ગાગર' છે જેનાથી હળીમળીને પાણી ઉલેચી શકાય પણ જ્યારે એમાં લાગણીનો અભાવ આવે ત્યારે એ ખાલી 'ગાગર' ઉંચકવાનો ભાર લાગે છે. આ લાગણી ઓછી થવાનું કારણ શું હોઈ શકે ? કદાચ આપણું આ મન જ, મનમાં આપણે અભિમાન, ઈર્ષ્યા, અદેખાઈ, રાગ, દ્વેષ, લોભ, મોહ જેવા કલેશ ભરી રાખ્યા છે જે મનની સુંદરતા બગાડી નાખે છે. મનમાં આ બધાં જ કલેશ અને અહંકાર ઓછા થાય તો સંબંધો સહજ થઈ જાય !

કેટલાક પરિવારો અહંકારના અખાડા જેવા હોય છે. એ અખાડામાં ક્રૂરતા, આક્રમકતા અને કપટથી કુસ્તી ચાલ્યા કરતી હોય છે. ભૂલ કબૂલ કરવાની અશક્તિના કારણે પરિવારો ખતમ થાય છે.

બેન્ક બેલેન્સ વધતુ જાય છે એમ મનનું બેલેન્સ ખોરવાતું જાય છે. જેમ આપણા એકડા (હું' પાછળ સત્તા, ભથ્થા, માલમતા, પ્રતિષ્ઠાના શૂન્યો (હકીકતમાં જે શૂન્ય છે) લાગતા જાય છે એમ આપણો એકડો (હું) દોરડા જેવા મજબૂત થતો જાય છે જ્યાં સંબંધો ખરેખર તાણાવાણા બનીને રહી જાય છે. પછીએ પતિ-પત્નીના સંબંધ હોય, કે બાપ-દીકરાના ભાઈ-ભાઈ, સાસુ-વહુ કે મિત્રોના સંબંધ હોય !

સગાં હોય એ વ્હાલાં નથી લાગતા અને વ્હાલાં વેરી થતા લાગે છે. સંબંધોની તકરાર અને તરાડના મૂળમાં શું હોય છે ?

કંઈ જ નહી એક નાની અમથી ગેર સમજ!

થોડો પોઝીટીવ દ્રષ્ટિકોણ કેળવવાની જ માત્ર જરૂર છે. જેમકે ''કદાચ એણે મને આમ કહ્યું એમાં એનો કોઈ ખરાબ ઈરાદો નહી હોય....... એવું તો બોલવાનું જ આવું છે. '' ''મેં એને ફોન કર્યો પછી એનો ફોન નથી આવ્યો તો..... કદાચ એ બહુ Busy હશે.... ભૂલી ગયો હશે..... લાવ હું જ ફરી ફોન કરી નાખું!'' આમ કરવાથી કેટલો આનંદ મળે છે એ તો પછી જ ખબર પડે. કોઈને સંબંધ બગાડવો ગમતો નથી હોતો અને સંબંધ ન રાખવો એવું હોતું નથી. થોડો Ego disolne થાય તો સંબંધ માળવાનો આનંદ કંઈક અલગ જ છે. 'give and forgive'' આ મંત્રને મગજમાં feed કરી દેવાની જરૂર છે. આ સંબંધોની તકરાર અને તરાડ અટકાવવામાં બહુ જરૂરી છે.

તંદુરસ્ત સંબંધની હુંફ લાગે છે. Security લાગે છે અને કુમેળથી ખાલી અજંપો, અશાંતિ અને tension જ મળે છે.

English માં એક Phrase છે. 'Willing to put

into an extra while' એટલે કોઈ આપણી પાસે expect કરે એનાં કરતાં વધારે આપો અને એનો આનંદ કેવો મળે છે એ જોવા પ્રયત્ન કરી જુઓ.

'મારે જ બધાને સાચવવાના' એવો વિચાર છોડીને હું જે કરું છું એનાથી મને કેટલો આનંદ અને સંબંધીઓને કેટલો સંતોષ મળે છે અનો સુખદ અનુભવ કરવા જેવો છે. સંબંધીઓની એક 'વાહ' સાંભળવા માટે કંઈ કેટલીય 'આહ' માંહ્યલામાં ધરબાવી દેવાનો આનંદ લેવા જેવો છે.

સંબંધ તો આકાશ છે એમાં લાગણીનું મેઘધનુષ ચીતરીને એ આકાશને વધારે beautiful બનાવવા આજ થી જ પ્રયત્ન કરીએ.

***"તારા મારા સંબંધોની લઈ લખોટી રમીએ,***
***આ વખતે અંચી નહીં કરીએ,***
***ચાલ, ફરીથી રમીએ."***

- ***નિમિષા કીરીણ પરીખ***

# બાલાસિનોર મેડિકલ સેન્ટર

બાલાસિનોરવાસી ભાઈ-બહેનો માટે ખાસ જણાવવાનું કે આજકાલ જોખમી ગણાતા રોગો જેમાં હૃદયવિકારનો ભોગ ઘણા બને છે. હૃદયને લગતાં જોખમો સામે સજાગ બની, સચેત થવું ઘણું જરૂરી છે. આપણા સેન્ટરમાં પ્રખ્યાત કાર્ડિયોલોજિસ્ટ ડો. નિલમબેન શાહ નિયમિત રીતે દર બુધવાર અને શુક્રવારે બપોરે ૧૧ થી ૧૨માં સેવા આપે છે. બહેનો માટે તો સોનેરી તક કહેવાય. જો તેમને કાર્ડિયોગ્રામ કઢાવવો હોય તો નિષ્ણાત ડોક્ટરના હાથે કઢાવાય અને સંપૂર્ણ માર્ગદર્શન મળી જાય. ડો. નિલમબેન શાહનો ટૂંકમાં પરિચય.

તેમનો મેડિકલ અભ્યાસ મુંબઈની કેઈએમ હોસ્પિટલમાંથી થયો હતો. તે જ હોસ્પિટલમાં તેઓ હૃદયરોગ (કાર્ડિયોલોજી) ડીપાર્ટમેન્ટમાં Head of Department હતા. નાયર હોસ્પિટલના બાર વર્ષ સુધી તેઓ Cardiology Deptના પ્રમુખ હતા. ૩૦ વર્ષના ગાળામાં તેમણે અનેક દરદીઓના નિદાન કર્યાં. તેમની નિપૂણતા Angiogrphy, Angioplasty, Valbvuoplasty છે. Balloon Angioplastyના તેઓ નિષ્ણાત છે.

બાળકોના હૃદયરોગમાં પણ તેમની નિપૂણતા છે. જન્મથી જ Blue Babiesમાં તેમણે 'Life Savings' અનેક પ્રકારના Procedure કર્યા છે. Cardiologyના અનેક Post graduate studentને પણ તેમણે Train કર્યાં છે. આશા છે હૃદય અંગેનું તેમની પાસેથી માર્ગદર્શન લેવાનો લાભ જરૂર લેશો.

# નવા વર્ષે નવી દૃષ્ટિ કેળવીશું ?

- રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદ પાસે હાથીદાંતની એક સુંદર પેન હતી. તેના પર તેમને ઘણો પ્રેમ હતો. એક દિવસ અચાનક નોકરના હાથમાંથી એ પેન પડી જવથી તૂટી ગઈ. રાજેન્દ્રપ્રસાદ ગુસ્સે થઈ ગયા. નોકરને બીજી પોસ્ટ પર ગોઠવી દીધો.

પરતું એ રાતના તેમને ઉંઘ ન આવી. 'આ જ ભૂલ મારા હાથે થઈ હોત તો ?' આ વિચારે તેમને બેચેન બનાવી દીધા. રાતના ને રાતના જ તેમણે નોકરને બોલાવ્યો અને નોકરની માફી માગી.

પણ નોકર તો મૌન જ રહ્યો. 'મેં તમને માફી આપી છે.' એવું ખરેખર નોકર બોલ્યો ત્યારે જ તેઓ શાંતિથી સૂઈ શકયા. નોકરોની સાથે તોછડાઈ ભરેલો વ્યવહાર ન કરતાં તે નોકર પછી છે પણ માણસ પહેલા છે એ રીતે ઘરમાં કામ કરતાં નોકર સાથે વર્તીશું.

- પોતાના જન્મ દિવસે પોતાની ભરપેટ નિંદા કરનાર વ્યક્તિ પર એ ભાઈએ મીઠાઈનો ડબ્બો મોકલાવ્યો. નિંદા કરનાર વ્યક્તિ તો સ્તબ્ધ થઈ ગયો.

''ખરેખર તેમણે જ મોકલાવ્યો છે ?''

''હા... હા... કેમ શંકા પડે છે. ?''

''પણ કેમ મોકલાવ્યો ?''

''એ તો ખબર નથી. પણ આ મોકલવાની સાથે કહેવડાવ્યું છે કે ''તમે નિંદા કરીને થાકી ન જાઓ અને તમારી શક્તિ ટકી રહે માટે આ મીઠાઈ ખાવાનું ખાસ રાખજો.''

આ સાંભળીને તે વ્યક્તિ અવાક થઈ ગયો. તરત જ જઈને એ ભાઈની માફી માગી લીધી. નિંદા કરનારને સદાને માટે બાજુમાં જ રાખવા. કારણ કે આપણામાં રહેલા કેટલાક દોષો કે જેની આપણને ખબર નથી હોતી એ દોષો આ નિંદક આપણને દેખાડી દેશે. અને આપણે પ્રયત્નો કરીને એ દોષોમાંથી મુક્ત થઈ શકીશું.

- એક ફકીર સોપારીના ભારે શોખીન. એક વખત એક દુકાનેથી સોપારી ખરીદીને બીજે ગામ જવા માટે નીકળ્યા. ૫૦ માઈલ ચાલ્યા બાદ તેમણે સોપારી ખાવા માટે ડબ્બી ખોલી. જોયું તો સોપારી પર એક કીડી ફરતી દેખાઈ.

'આ ડબ્બીમાં કીડી ક્યાંથી આવી ?' વિચાર કરતાં તેમને ખ્યાલ આવ્યો કે જે દુકાનેથી આ સોપારી ખરીદેલી તે દુકાનમાં સોપારીના ડબ્બા પાસે કીડીઓની લાઈન ચાલતી હતી. તેમાંથી આ કીડી અહીંયા આવી ગઈ લાગે છે. તેના સ્વજન, પરિવારથી છૂટી પડી ગયેલી તથા પોતાના સ્થાનથી વિખુટી પડી ગયેલી આ કીડી કેટલી દુઃખી થતી હશે ?

આ વિચાર આવતાં જ ફકીર પાછો તે દુકાને જવા નીકળ્યો. ૫૦ માઈલ પગપાળા પાછા જઈને કીડીની ચાલતી લાઈનમાં પેલી ડબ્બીમાં રાખેલી સોપારી પર આંટા મારતી કીડીને સાચવીને મૂકી દીધી. કીડી મૂકતી વખતે તેમની આંખમાં હર્ષાશ્રુ આવી ગયા.

''એક નાનામાં નાના જીવને પણ આપણા નિમિત્તે દુઃખ ન થવું જોઈએ.'' આ વિચારણાનો અમલ નવા વર્ષે કરીશું.

***- અમીતા ધારીઆ***

# મુરઝાતા શ્રદ્ધા સુમન

*- ઉષા એસ. ધારીઆ*

જીવનમાં એક જ એવી શક્તિ છે પૂરણ બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. આ શક્તિ હર પલ આ શક્તિનો અહેસાસ હર જીવંત માનવ, પ્રાણી, પંખી, વનસ્પતિને થતો જ રહે છે. ''મા સચરાચર વ્યાખ્યા'' માને ન માને,ગમે એવો નાસ્તિક પણ તેની કોઈ આહટમાં ઊંડે ઊંડે પણ પ્રભુજીને યાદ કરતો હોય છે અને આ શક્તિ એટલે જ પ્રભુજી !!!

પરંતુ માનવ બિચારો જે આ પ્રભુજીની શક્તિમાં ઓતપ્રોત ન થઈ શકે અને શું કહેવું ગરીબડો, નસીબથી ગરીબ...

**''તુલસી યહ તન ખેત હૈ<br>મન બચન કર્મ કિસાન<br>પાપ પુણ્ય દોઉં બીજ હૈ<br>બોવે લણે નિદાન...''**

શ્રીકૃષ્ણના સ્વમુખે બોલાયેલી ગીતા. આપણે જે કર્મ કરીએ તેનું ફળ આપણને મળે છે. લીમડો વાવીએ અને આંબો માંગીએ તો નળે, સારા નરસાં અને સંચિત કર્મને સૌ કોઈ ભોગવે છે અને એ સર્વ વિદીત છે. એક બાળક જન્મે અને મહિનો બિમારી ભોગવી મરી જાય. એ માટે ડોક્ટરો, હોસ્પિટલ, દવા વગેરે ઈલાજો થાય એ માંગતુ લહેણું ચુકવાય અને માને જશ અપાવે. માતા-પિતાની ચાકરીના લેણા ચૂકવે. આ છે સંચિત કર્મ. આ જન્મેલું બાળક પાપ નથી કરતું પરંતુ થોડું ઘણું સંચિત કર્મ ભોગવી એ જીવ મુક્તિ પામે છે અને કોઈ ગરીબ તો કોઈ પૈસાવાળો કોઈ રોગી તો કોઈ ડોક્ટર. તો કોઈને બાળક ન હોય તો કોઈને ઘણા સંતાનો હોય, કોઈને ખાનાર ન હોય તો કોઈને ખાવાનું જ ન હોય? આમ કર્મને અનુસાર સૌ કોઈ પરીભોગ ભોગવતાં જ હોય છે. પરંતુ માનવી ક્યાં ભુલાય છે એ આપણે જોઈએ. ભણવાની સામે અમેરિકાની ડીગ્રીઓ લખાઈ. સાયન્સના ફૂટ સ્ટેપ ચડતાં ચાલ્યા, કોમ્પ્યુટરમય જિંદગી જીવતાં થયા. આ સાથે ઈશ્વર આસ્થાનો દોર તૂટતો ચાલ્યો છે. આથી તો આપણાં વડવાઓ અભણ હતા છતાં ઈશ્વર આસ્થાને આશ્રિત રહેતાં લગ્ન વખતે એક જ મંદિરમાં મુહૂર્ત જોવાતું ચાર, છ, તિથીઓ નીકળતી અને એ મુજબ પોતાના ઘરની અનુકૂળતા જોઈ લગ્ન લેવાતાં. જે તિથી લીધી હોય એ આખો દિવસ પવિત્ર જ ગણાતો, લગ્ન રાતના જ થતાં સાંજના સાતથી આઠ વાગ્યા પછી વરઘોડો નીકળતો. જ્યારે આજે તો સગાઈ કરતા પહેલાં કુંડલીઓ જોવાતી થઈ ગઈ છે. કોણ કુંડલી જોનારાઓ કહે છે કે આ લગ્નમાં ડીવોર્સ લેવાશે? કે આ છોકરી આપઘાત કરશે? કે કોઈ છોકરી વિધવા થશે કે? કયો વર વિધુર થશે? ઘણા ઘરોમાં બાળકોય ટ્રીટમેન્ટ પછી આવે છે? આ બધું પતાવી દે તો વર-કન્યાના લગ્ન જ અશક્ય બની જાય? બધું જ તમારા કર્મને આધીન બનતું આવે છે. આગલા પાછલા સંચિત કર્મ જ ! કુંડલી જુઓ ન જુઓ તો પણ આ બધું તો નિશ્ચિત જ છે. કંઈ લોકોને બોલતા સાંભળ્યા છે, ''જનમ, મરણ અને લગ્ન તો પ્રભુના હાથમાં જ છે.'' કાલે શું બનવાનું છે એ કોઈ જાણી શકે છે? કંઈક લોકો બોમ્બ બ્લાસ્ટમાં મરે, કંઈક અતિવૃષ્ટિમાં મરે કે કોઈ સેન્ટ્રલી લોક ગાડીમાં ગુંગળાઈને મરે?

આ બધું જ જો કુંડલી બતાવે તો? આ બધું તો બીજી નાતના સાથે લગ્નગ્રંથિથી જોડાણ થતું તે લોકો કુંડલી મેળવીને જ લગ્ન કરતાં, જ્યારે આપણા પુષ્ટિ માર્ગી વૈષ્ણવોની શ્રદ્ધા બળવાન હતી. હવે ભણેલા ભીંત ભૂલ્યા છે. કુંડલી જોયા પછી ઉભયમાં વર કન્યામાંથી શું કોઈ જોડું ખંડિત નથી થતું? આજે તો રાજયોગ, એક્સિડન્ટ વગેરેથી મોતની નિર્મિતી ખડી જ હોય છે? ભાગ્ય ચક્ર તો કર્મના પાવરથી જ ફરતું રહે છે. કર્મ સારા હોય તો વિધિના લેખને ફેરવી શકાય છે? આ સત્યને કોઈ જુઠલાવી નહીં શકાય.

પ્રભુજીએ તો સાક્ષાત જન્મ લઈને આ સમજાવ્યું છે. મહાભારતનો ગ્રંથ રામાયણ, ભાગવતજી અને ગીતાજી આવા મહાન ગ્રંથો રચી તમને જ્ઞાન આપ્યું છે, પરંતુ આગળ કહ્યું તેમ ભણતર પર ડીગ્રીઓ લગાડાય છે. સાચા જ્ઞાનની અવગણના થતી રહી છે. લોકો કહે છે એ જ કે જ્યોતિષ એક શાસ્ત્ર છે. પરંતુ પ્રભુની સાચી શ્રદ્ધાને મુલવી જ ન શકાય. ડૂબતાને હાથ એક તરણું આવે એવું શુલ્લક શાસ્ત્ર કહેવાય. સાચી શ્રદ્ધા હોય તો ઠાકોરજી તમારી રાહમાં જ ફુલ બીખેરવા રહેશે. આ શ્રદ્ધાને બળવાન બનાવો, કુંડલી બીચમાં લાવી તમે ઠાકોરજીની અવગણના જ કરી રહ્યા છો. સવાર, સાંજ, રાત, ઋતુઓનું ચક્ર, પ્રકાશ, પાણી, વાયુ, અન્ન, ધરતી આ બધુ જ ઈશ્વર ઈચ્છાનુસાર બનતું જ રહે છે. તમે આમાનું એક પણ કામ કરી શકશો ખરા? તમારા અંતર મનને પૂછો? પ્રભુ ધારે તો તમને મુઠ્ઠીમાં રોળી નાખે? મનની કલુષિતતા દૂર કરી, નિર્મળ મનથી પ્રભુમાં જ વિશ્વાસ રાખો. શ્રદ્ધા સુમનને મુરઝાવા ના દેશો. કુંડલીને એક વ્યાપારના બનાવો. સગાઈના કરવાના બહાનામાં 'ગ્રહ નથી મળતા'. આ પણ પ્રભુજીની શ્રદ્ધાને ખંડિત કરવાનું પાપ કહી શકાય. ઈશ્વરની ઉપેક્ષા અવગણના કરવી એટલે જ કુંડલી જોવાય અને એ દૃઢ ભરોસો તોડવા જેટલું જ પાપ છે. કર્મને આધીન બધું જ બનતું રહે છે. તમે કંઈ જ કરવાને અશક્તિમાન છો. પ્રભુના નામમાં જ શ્રદ્ધાને પાંગરવા છે. કંઈક કરો ન કરો કોઈની બુરાઈ તો ન જ કરજો. પાપની કોઈ વ્યાખ્યા નથી. તમારા માથા પર જ કળિયુગ બીરાજેલો છે. નાકના ટેરવે ગુસ્સો ચઢેલો છે અને પગ કાદવ યુક્ત પાપના પગલાં પાડતું જ આવે છે. કુંડલી જોવો એ ઠાકોરજીના વિશ્વાસથી ચેડાં કરવા જેવું એક ન દેખી શકાય એવું પાપ છે. માટે શ્રદ્ધા ભક્તિને બળવાન બનાવો. શ્રદ્ધાના સુમનને મુરઝાવા ન દેશો. કદાચિત ગાવામાં રોજ ગાતા પણ હશો.

''દૃઢ ઈન ચરનન કેરો ભરોસો''...!!! યા સાંભળવા હશો ક્યારેક. આગળ કહ્યા તે કામો ઈશ્વરના છે જ એમાંનું તમે કયું કામ કરી શકો છો? હર ઘરમાં મોત તો આવે જ છે રોકી શકો છો? દિવસ, રાત. બનાવી શકો છો? વરસાદ વરસાવી શકો છો? ભુકંપ, સુનામી ક્યાં સુધી તમારો હાથ પહોંચે છે? આભાળાને આંબી ન શકાય? મહાસાગરોની ગહેરાઈ માપી ન શકાય? હવાને તોલી ન શકાય? પાપનો કોઈ રંગરૂપ નથી? લોહીને બનાવી ન શકાય એમ એમ કુંડલી જોઈ પ્રભુજીની આસ્થા વિશ્વાસને ક્યારેય મજાક ન બનાવશો? શ્રદ્ધા સુમનને મુરઝાવા ન દેશો.

ઘણા દિવસોથી આ વાત વિચારતા લાગ્યું કે ઠાકોરજીની આડે વિશ્વાસ આસ્થાને રોળી નાખતી આ કુંડલી જોનારાઓ જોગ આ સંદેશો આપવાનું મન કર્યું અને આ લેખ લખ્યો છે? જેટલા મારા ઠાકોરજી એટલા જ તમારા પણ છે. માટે કર્મને આધીન પ્રભુજી તું જે કરે તે સારું અને સાચું જ છે.

''God does everything for our good'' આ સૂત્ર નાની હતી ત્યારે ઈંગ્લિશના પાઠ્યપુસ્તકમાંથી હૈયામાં જડી દીધું છે. આ અજમાયશ કરી જોજો. ઠાકોરજી પર આંધળો વિશ્વાસ મુકીને સર્વ કાર્ય કરજો. કુંડલી જુઓ, મુહૂર્ત જુઓ હોની તો થતી જ રહેશે અને થતી રહી છે. અમાસની અંધારી રાતે દિવાળી અને શારદાપૂજન થાય છે. અમાસની રાતે તારાઓની બારાત નીખરે છે. એ દિવસે કોઈ ટ્રેન, કોઈ વિમાન ખાલી નથી જતું લક્ષ્મી પૂજન થાય પણ કોઈ લગ્ન કરવા તૈયાર નહીં થાય. પ્રભુજીએ જ બધા જ દિવસો બનાવ્યા છે એ દિવસે જનમ થાય તો કોઈ રોકી શકે છે બાળકનો? પરંતુ સારું કામ કોઈ જ કરશે નહીં. ઈશ્વરનું કામ ઈશ્વર જ કરી શકે છે. સારા ચોઘડિયા જુએ, પરંતુ તો પણ હાનિ ને કોઈ રોકી શકતું નથી. કેન્સર થયા પછી જ આપણને ખબર પડે છે. કોઈ દાઝી જાય, કોઈને

એક્સિડન્ટ થાય અને ઘણું ઘણું રોકીએ તો પણ છેવટે ઘરની બાથરૂમમાં પડી જાય અને વાગે, ડાયાબિટીઝ હોય એ વ્યક્તિને વાંદો કરડે ઉંદર કરડે ક્યારેક પગ કપાવવા પડે છે. આ બધું કુંડલી જોવા છતાયં બનતું જ રહે છે. ઈશ્વર આધીન છે આપણા કર્મને, તેને તો કર્મને તોલીને જ સુખદુ:ખના માંડણા કરવાના હો છે. વિધિ લખે લેખ એ તો આપણા કર્માનુસાર. આ જાણ્યા પછી કુંડલી, પિત્રકા મુહૂર્ત જોતાં જ રહેશો, તોય હોનીને ટાળી નહીં શકો. બોમ્બ બ્લાસ્ટ અને અમેરિકાના ટાવરમાં જીવતાં બચ્યા ને દટાયાં. બધું જ કર્મને આધીન છે. આ રીતે પ્રભુની લીલાને જ મહત્તા આપી કુંડલીનું મહત્ત્વ ટાળો. એથી આપણા ઠાકોરજીનું જ માન ઘવાયો છે. બ્રહ્માંડના અધિપતિ વિશ્વ વિધાતા હોય, એની સાક્ષી રાખી સર્વે મંગળ કામ કરતાં રહો, શ્રદ્ધાના સુમન મુરઝાય ના.....એ જ અભ્યર્થના.

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ નિમંત્રણ પત્રિકા

ઉપરોક્ત સમાજના નેજા હેઠળ પ્રતિ વર્ષ ઊજવવામાં આવતા ત્રણ મોટા ઉત્સવો પૈકીનો એક 'શ્રી મહા ઓચ્છવ' ચાલુ વર્ષે પણ ઊજવવામાં આવનાર છે.

**કાર્યક્રમ**

તા. ૨૬-૧૧-૨૦૦૬ના મંગળવાર સુદ-૬ને રવિવારે રાત્રે ૯.૦૦ કલાકે નવા મંદિર - ભૂલેશ્વરમાં સમાજ બેસશે. ઉત્સવના મનોરથના મનોરથી નક્કી હોવાથી રાત્રે મનોરથી માટેની ઉછમણી બોલાવવામાં આવશે નહીં.

તા. ૨૭-૧૧-૨૦૦૬ના માગસર સુદ-૭ને સોમવારે બપોરે ૪.૦૦ કલાકે મનોરથીના નિવાસસ્થાન શિરિન એપાર્ટમેન્ટ, પહેલે માળે, ફ્લેટ નંબર ૧૦૩, તારદેવ, મુંબઈ મુકામે સમાજ બેસશે. ૬ વાગે કળશનો વરઘોડો અમૃતવાડી, વી.પી.રોડથી નીકળી લાડની વાડીમાં જશે. સાંજે ૭ વાગે વાડીમાં કીર્તન-ભજન થશે. સાંજે ૭.૩૦ કલાકે લાડની વાડીમાં બાલાસિનોરના દશા નિમાના સમસ્ત વૈષ્ણવોને સપરિવાર સહકુટુંબ પ્રસાદ લેવા પધારવા અમારું હૃદયપૂર્વકનું આમંત્રણ છે.

આ મનોરથના મનોરથી પ.ભ.શ્રી સતીષકુમાર રસિકલાલ પરીખ (લાકડાવાળા) છે. સાંજે ૭.૩૦ કલાકે મનોરથી શ્રી સતીષકુમાર રસિકલાલ પરીખ (લાકડાવાળા) તેમ જ તેમના કુટુંબીજનોનું સન્માન કરવામાં આવશે.

તો આ ધન્ય અવસરે આપ સર્વે મોટી સંખ્યામાં વરઘોડામાં તેમ જ લાડની વાડીમાં પધારશો અને પ્રસંગને દીપાવશો એ જ અભ્યર્થના.

***- લિ. બિપીન કિર્તનલાલ દોશી***
***મંત્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી***

# પત્ની કે પ્રેમિકા પ્રત્યે પુરુષ કેમ પઝેસિવ હોય છે ?

મુલ્લા નસુરદ્દીનની પત્ની મૃત્યુ પામે છે ત્યારે મુલ્લા કરતાં તો તેનો મિત્ર પોક મૂકીને વધુ રડે છે.... કેમ કે મિત્ર મુલ્લાની પત્નીના પ્રેમી હતા. તો પણ મુલ્લા તો આશ્વાસન આપે છે કે.....''આટલો બધો રડ નહીં. હું બીજી વખત લગ્ન કરવાનો છું.'' આપણે મુલ્લા નસરુદ્દીનને જ મળીએ. પરંતુ મુલ્લા મળશે ક્યાં ? .... મુલ્લા તો ગામના એક પાગલખાનામાં ગયા છે અને પાગલખાનામાં જઈને તેમણે દરવાજો ખટખટાવ્યો ને તરતજ ત્યાંના સુપરિન્ટેન્ડેન્ટે દરવાજો ખોલ્યો અને પૂછ્યું કે શું થયું છે ? શી હકીકત છે ? મુલ્લાએ કહ્યું : ''શું કોઈ માણસ પાલખાનામાંથી ભાગી ગયો છે ?'' સુપરિન્ટેન્ડેટે કહ્યું : ''તમને એનાથી શો ફરક પડે છે ?'' ત્યારે નસરુદ્દીને કહ્યું જલસાથી..... મજાથી......'' નહીં, મને કશો ફરક પડતો નથી. મારી પત્નીને લઈને કોઈ માણસ ભાગી ગયો છે, તો મેં વિચાર્યું... કે જરૂર કોઈ પાગલખાનામાંથી છટક્યું છે..... કારણ કે અમે ખુદ જ છૂટવા માગતા હતા. તે જીવ હાથે કરીને નાહકનો એમાં (મારી પત્નીમાં) ફસાયો છે.'' (''શિવસૂત્ર''..... ઓશો)..... બિચારા મુલ્લા..... જેને પાગલ માણસ જ ઉઠાવી જાય...... બીજો ડાહ્યો, અક્કલમંદ માણસ હરગિજ તેની સાથે બે મીઠી વાત પણ ન કરે એવી પાગલ અથવા તો વધારે પડતી હોશિયાર (ઓવર-સ્માર્ટ) અથવા તો ઝઘડાળુ પત્નીની સાથે પનારો પડયો હતો. એવી પત્ની ઘરમાં હોય છે તો પણ દુ:ખના દરિયા ને બીજા પુરુષની સાથે જતી રહે તો પણ ગામમાં ગધેડો. બચાડા પતિની આબરૂની ફજેતીનો ફાળકો !! મનમાં તો થાય છે કે હાશ ! છૂટયા....ટાઢે પાણી ખસ ગઈ. આમેય અમે તો એને ઘરની બહાર કાઢી નહોતા શકતા, આબરૂને લઈને. આ તો એની મેળે જ રસ્તો કરી લીધો.... ખોટું તો કાંઈ થયું નથી.... પરંતુ આ દુનિયાને કેમ મોઢું બતાવવું ? જેની પત્ની પોતાને મૂકીને બીજા પુરુષની સાથે ભાગી જાય ત્યારે બાપડા પુરુષને.... એના પૌરુશી અહંમે કેવી ઠેસ પહોંચતી હશે ! અલબત્ત, પતિને છોડીને અન્યની સાથે ચાલી જતી પત્નીનાં મન-હૃદયની વ્યથા શું હશે ? શી ખબર ? પતિ-પત્ની બન્નેમાંથી કોનો કેટલો વાંક-ગુનો હશે ? શા માટે સમાધાન કરીને પતિની જોડે નહી રહી હોય ? બીજા પુરુષના વ્યક્તિત્વમાં પતિ કરતાં કાંઈ વધારે વિશેષતા હશે ? વિશિષ્ટ ગુણો હશે ? કદાચ....હા... હોઈ શકે. એટલું શું પતિને મૂકી દેવાનો ? ઘર છોડી દેવાનું ? માણસના મનના સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવનો, મનની એ ચંચળ, છટકણી વૃત્તિનો કોઈ પાર પામી શકતું નથી. એમાં પણ સ્ત્રીને પૂર્ણપણે ઓળખવી અતિ મુશ્કેલ.... એ વાત પુરુષો કહેતા જ હોય છે.... અને સ્ત્રી જો ખરેખર નિખાલસ હોય તો તે એ વાત કબૂલ પણ કરે જ છે.

મુલ્લાનું પાત્ર, તેનો સ્વભાવ તો સામાન્ય પુરુષો કરતાં થોડો જુદો છે, અલગ છે, એટલે મનમાં દુ:ખ ને વેદના હોય તો પણ મોઢે તો હસતા રહીને હસાવતાં-હસાવતાં કટાક્ષ કરે છે. માંહ્યલો ભલે ને રડતો હોય.... પરંતુ જે પુરુષ સરેરાશ જીવન જીવતો હોય છે અને પોતાનાં વહાલાં બાળકો અને પત્નીની સાથે રહેતો હોય છે. જો તેની પત્નીની વૃત્તિ પણ થોડી ઈધર-ઉધર હોય તો.... બિચારો પતિ શું કરે ? બાળકોની જિંદગી ધૂળધાણી ન થઈ જાય એટલે બધું સમજવા છતાં જતું કરીને જીવતો હોય છે કે માત્ર શ્વસતો હોય છે. બાળકો ન હોય તો કદાચ એ પત્નીને પોતે ઘરની બહાર કાઢી મૂકી હોત ! એટલે જ કારણ -

વિના કારણ ઑફિસે જઈને પણ ઘરમાં રહેતી પત્નીની જાંચ-તપાસ દુભાયેલા પતિઓ કર્યે રાખતા હોય છે.

એક ભારતીય યુવાન અમેરિકા ગયો હતો. એ તેના મિત્રની ઑફિસમાં બેઠો હતો. મિત્ર તો દર કલાકે ઘરે પત્નીને ફોન કર્યે રાખતો હતો. ત્યારે ભારતીય યુવાને સરળપણે કહ્યું કે... તને તો પત્ની ઉપર આટલો પ્રેમ છે એ તારી પત્ની પણ જાણે છે.... તો પછી આમ વારંવાર ફોન પર ફોન શા માટે કરે છે? અમેરિકન મિત્ર પતિએ કહ્યું... ખરું કહું? મને મારી પત્ની ઉપર બિલકુલ પ્રેમ નથી.

તો પછી આપણને પણ સવાલ થાય છે કે તો પછી તે શા માટે ફોન કરે છે? પતિ કહે છે કે મને ખાતરી નથી કે મારી પત્ની ઘરે જ હશે! કદાચ એ બીજા જોડે ફરવા નિકળી ગઈ હોય! એટલે થોડી-થોડી વારે ફોન કરીને જાણી લઉં છું કે સ્થિતિ કેમ છે? મામલો ગંભીર તો નથી ને?... આવી પરિસ્થિતિમાં પતિ કઈ રીતે પોતાનાં નોકરી-ધંધામાં ધ્યાન આપી શકે? ઘણી વખત વધુ પડતા શંકાશીલ પતિઓ પણ પત્નીને વારે-વારે ફોન કરતા હોય છે. આ અમેરિકન પતિવાળી વાત મુનિ નથમલે 'મહાવીરકી સાધના કા રહસ્ય' માં કરી છે. મુનિનું કહેવું એમ છે કે જેને પત્નીની બાબતમાં થોડો પણ ભરોસો નથી તે માણસ ભલા ક્યારેય સમાધિ પ્રાપ્ત કરી શકે ખરો?

આપણે સમજીએ છીએ કે પતિ અને પત્નીનો ઘરસંસાર માત્ર એકબીજાના વિશ્વાસ ઉપર જ ચાલતો હોય છે. પરંતુ બધા દાખલોઓમાં આ વાત બંધબેસતી થતી નથી. પતિનાં કે પત્નીનાં વિચાર, વૃત્તિ, વાણી, વર્તન, વ્યવહારમાં ફરક જણાય તો એકને બીજાની ઉપર શંકા-કુશંકા થાય એ બહુ જ સ્વાભાવિક છે. પરિણામે રોજ નાની ને મોટી તકરારો... હરરોજની એ તકરારને લીધે બન્નેની વચ્ચે કાયમ માટે તિરાડ પડી જાય છે. એ તિરાડ તકલાદી હોતી નથી.

પુરુષોની મૂળભૂત પ્રકૃતિ જ પોતાની પ્રેમિકા કે પત્ની પ્રત્યે ઘણી જ પઝેસિવ હોય છે. (અલબત્ત, પુરુષનો મૂળગત સ્વભાન એવો પણ ખરો કે જો પોતાની પ્રેમિકા કે પત્ની પોતાની પ્રત્યે પઝેસિવ હોય તો એને ક્યારેક બહુ ખટકે..... ગમે નહીં.) ઘણા દાખલાઓમાં તો પુરુષો પત્ની પ્રત્યે બીજી ચીજવસ્તુની જેમ માત્ર માલિકીભાવ જ રાખતા જોવા મળે છે. ગુણવંત શાહે પુરુષોના માલિકીભાવના સંદર્ભમાં એક જગ્યાએ કહ્યું છે : ''પુરુષોનો માલિકીભાવ મરણ પછી પણ પત્નીને બીજા પુરુષની સાથે કલ્પી ન શકે તેવી નિમ્ન કક્ષાની મનોવૃત્તિમાંથી 'સતિપ્રથા'જેવો જંગલી રિવાજ શરૂ થયો છે.''

જો પુરુષના મનમાં પત્નીને માટે આટલી હદે માલિકીની ભાવના હોય, તો પછી જેની પત્ની બીજાની સાથે જતી રહી હોય એવા પતિના મનની મૂંઝવણ, હૃદયની વ્યથા કેવી દર્દભરી હશે! ✤ ✤ ✤ ✤

---

# કંટાળો

કંટાળો આજના યુગની મોટી સમસ્યા છે. કંટાળો સ્વભાવે કાતિલ બાબત છે. પ્રેમસબંધ વગરનું જીવન એકલતાના અભિશાપનું ઓશિયાળુ છે. સબંધોની વિપુલતા માણસને રાકાયેલો રાખે છે. પરંતુ પરિતૃપ્ત નથી કરતી. માણસ પાસે મોટુ ફ્રેન્ડસર્કલ હોય છે. પરંતુ કેન્દ્ર નથી હોતું. કોઈ એકાદ સાચો મિત્ર હોય તો પ્રભુની અમીસ કૃપા સમજવી, સાચુકલા પ્રેમ વગરના સબંધો વિકસે ત્યારે 'હાઈબ્રીડ' પુષ્પનું કદ વધી પડે છે. પરંતુ સુગંધ ખત્મ થઈ જાય છે.

*- સંકલન*

# સાવધાન ! આપણાં જ ઘરમાં ! ! !

અચાનક બિન્દુબહેનને ઘરે અગત્યના કામે જવાનું થયું. બારણે ઘંટડી મારી. થોડીવારે બારણું ખૂલ્યું. સામે બિન્દુબહેન જ હતાં. ''આવો, આવો, અંદર આવોને !' એમણે સાડી આસપાસ વીંટાળેલી હતી. 'ક્યાંય બજાર જાઓ છો ?' એમને તૈયાર થતા જોઈ મેં પૂછ્યુ 'હાલ આ મંડળમાં વાનગી હરીફાઈ છે તેમા મારે નિર્ણાયક તરીકે જવાનું છે, પણ બેસોને હજી અર્ધા-પોણા કલાક પછી નીકળીશ' અંદરના ઓરડામાં હજી પગ જ મૂક્યો હશે, ને ફરી ઘંટડી રણકી 'અત્યારે કોણ હશે ?' બબડતાં બબડતાં બારણું સહેજ ખોલ્યું 'ઓ રમણ, તું છે ? સવારે કેટલી રાહ જોઈ છેક અત્યારે બપોરે આવ્યો ?' રમણે કંઈ જવાબ વળ્યો, ને પછી અંદર આવી રસોડામાંથી જુદી રાખેલી બાટલીઓનો ટોપલો ઉપાડયો. હજી બિન્દુબહેન એ જ લેબાસમાં હતા. બબડતાં બોલ્યા : 'આ લોકોને સમયનું ભાન જ હોતું નથી.પણ જો પાછો કાઢીશ તો મહિના સુધી દેખાશે નહિ.''

પેલાએ કંઈ પાંચ-સાત રૂપિયા ઠરાવ્યા મુજબ બિન્દુબહેનને આપ્યા. તે પાકીટમાં જલ્દી મૂકીને એ અંદરના ઓરડામાં તૈયાર થવા ગયા. થોડીવારમાં તૈયાર થઈને બહાર આવ્યા. મારા કામની વાત મેં પાંચ મિનિટમાં પતાવી દીધી ને અમે બન્ને સાથે જ બહાર નિકળ્યા.

તે વખતે આ નજીવા પ્રસંગ વિષે વિચારવાની મને ફૂરસદ નહોતી પણ યોગાનુયોગ એવો બન્યો કે મહિના પછી સુભદ્રાબહેનને ઘરે હું ગઈ, ત્યારે એ નહાવા બેઠેલા. એમનો નવો વીસકે વર્ષની ઉંમરનો રસોઈયો રસોડામાં હતો. બહાર આવી એણે મને બેસવા કહ્યું ત્યાં જ ફકત સાડી વીંટાળીને સુભદ્રાબહેન બાથરૂમમાંથી બહાર નિકળ્યાં. મને જોઈને બેસવા કહ્યું ને બોલ્યા,'' આ ચણિયો રહી ગયેલો તે લેવા બહાર આવવું પડ્યું. હું નાહી જ રહી છું, આવું છું.''

થોડીવારે સાડી લપેટી બહાર નીકળ્યાં. સાડી પહેરતાં પહેરતાં કામની વાત કરવા માંડી. મને ઉતાવળ હતી, એટલે ઝાઝું બેઠી નહિ. આમ તો આ પ્રંસગ પણ ભૂલાઈ જાત. પરંતુ એકાએક રાતે વાંચતા સત્યઘટનામાં એક વાત વાંચીને થયું આ બંને ઘરમાં બનતી રોજિંદી ઘટના છે. છતાં સ્ત્રીઓએ વાતને હળવી રીતે લેવી ન જોઈએ. મોટા ગુનાઓ થાય છે, ત્યારે એના મૂળમાં નજીવી વાતો જ હોય છે. સ્ત્રીઓએ આ વાત પ્રત્યે કાળજી રાખવી ખૂબ જ જરૂરી છે. ઘણા લાંબા સમય પહેલાંની ઘટના છે. મલાડમાં તે વખતે અત્યારના જેટલી વસતિ નહોતી, ત્યાં લોકો બંગલાઓમાં રહેતા, આજની જેમ આઠ-દસ -બાર માળનાં મકાનો હજી બંધાયેલા નહોતાં. છતાં પણ આસપાસના બંગલાઓમાં શાંતિ ઈચ્છતા લોકો રહેતા. ધંધો સારો ચાલતો અને હતા પણ શોખીન એટલે કામ અંગે મુંબઈ જતા. પણ રાતે ઘેર પાછા ફરીને નિરાંતની જિંદગી ઇચ્છતા. એ આશયથી મલાડમાં બેઠા ઘાટનો બંગલો બંધાવેલો. આજુબાજુના નાનકડો બાગ કરેલો. સમય મળ્યે ભગુભાઈ જાતજાતના રોપા લાવી વાવતા અને એની માવજત પણ કરતા. મા-બાપનો એકનો એક જુવાન દીકરો હતો. એટલે લાડકોડમાં ઉછરેલો. લગ્ન માટે મા-બાપ કહ્યા કરે પણ કોઈ છોકરી પસંદ પડે નહિ. એવામાં પિતાનું મૃત્યુ થયું. ને માતા ગામમાં રહેવા માંગતી હતી, તેથી છોકરાને જલ્દી લગ્ન કરવા આગ્રહ કરતી. અંતે ખૂબ જ દેખાવડી, હસમુખી અને સરસ સ્વભાવની છોકરી પસંદ પડી. છોકરીનું નામ ચંપા. લગ્ન ધામધૂમથી ગામમાં ઊજવાયા, પછી ચંપા મલાડના બંગલામાં રહેવા આવી. ત્રણેક મહિના પછી સાસુજી ગામનું ઘર ખોલી કાયમ માટે ત્યાં રહેવા ચાલી ગયાં. પતિ-પત્ની યુવાન અને શોખીન. રોજને રોજ કોઈ ને કોઈ કાર્યક્રમ હોય જ. સુંદર કપડાં પહેરી ચંપા બનીઠની ભગુભાઈ સાથે રોજ ફરવા જતી.

એક સાજે રોજની જેમ રાતને સુમારે ભગુભાઈ ઘેર પાછા ફર્યા. ત્યારે ઓટલાનાં પગથિયાં પર નોકર લલ્લુ બેઠેલો. ભગુશેઠને જોતાં જ એ ઊભો થઈ ગયો, ને બોલ્યો : ''શેઠ, તમારી જ રાહ જોતો બેઠેલો. હું બજારમાં ગયેલો ને પાછો ફર્યો ત્યારે બંગલાને ચાવી મારી શેઠાણી બહાર ચાલ્યાં ગયાં છે. મારી પાસે ચાવી નથી. એટલે રાહ જોતો બેઠેલો.''

ભગુભાઈને નવાઈ લાગી. બપોરના બાર વાગ્યે ટેલિફોન પર વાત થયેલી. ત્યારે ચંપાએ પોતે બહાર જવાની છે એવી વાત કરી નહોતી. ને આમ એકાએક નોકરને પણ કહ્યા વગર ક્યાં ચાલી ગઈ ? બારણાને આગળો મારેલો. પોતાની પાસની બીજી લેચ કી થી બારણું ખોલી શેઠ દાખલ થયા. આગલા બેઠક ખંડમાં કોઈ નહોતું. બાજુમાં પોતાનો બેડરૂમ ખુલ્લો હતો. એમાં દાખલ થતાં ભગુભાઈ સ્તબ્ધ થઈ ગયા. ડ્રેસિંગ ટેબલ આગળ જ ચંપા પડી હતી. છાતીમાંથી લોહી નીકળીને ઠરી ગયું હતું. જોતા જ સમજાય એવું હતું કે એ મૃત્યુ પામી છે.

પોલીસને તરત જ ખબર અપાઈ. પોલીસ ઈન્સ્પેક્ટરે આસપાસ તપાસ કરી. સૌથી પહેલો શક ભગુભાઈ પર આવ્યો. બપોરે બાર વાગ્યે ફોન પર વાત થઈ હોય તો ખૂન એ પછી જ થયું હોવું જોઈએ. દુકાન પર તપાસ કરતાં જણાયું કે ભગુભાઈ સાંજે સાડાપાંચ પછી જ દુકાનેથી નીકળ્યા હતા એટલે એમના પરનો શક ખોટો ઠર્યો. પતિ પત્નીને ખૂબ જ બનતું. કોઈએ ક્યારે પણ એ લોકોને લડતાં સાંભળ્યાં નહોતાં. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ મુજબ ખૂન બપોરે દોઢથી બે વચ્ચે થયું હતું. બારણું કોઈએ તોડયું નહોતું. એનો અર્થ એ થયો કે જે વ્યક્તિ આવી તે ચંપાબહેનને જાણતી હોવી જોઈએ. ચંપાના જેટલાં સગાં ને ઓળખીતા હતા તે દરેકને ઘેર પોલીસે તપાસ કરી પણ તેમાંનું કોઈ બપોરે ચંપાને ઘેર આવ્યું નહોતું. કોના પર શક કરવો તે સમજાતું ન હોતું.

લલ્લુનું કહેવું હતું કે બપોરે જમ્યા પછી એણે વાસણ કપડાં કરી નાખ્યા પછી લોન્ડ્રીમાંથી કપડાં લાવવા તથા બજારમાં ખરીદી કરવા શેઠાણીએ એને મોકલ્યો. ઘેર કામ નહોતું. એટલે લોન્ડ્રીવાળા જોડે થોડાં ગપ્પાં મારવા રોકાયો. ને પછી ત્રણ-સાડા ત્રણે ઘેર પાછો ફર્યો, ત્યારં ઘર બંધ હતું. ઘરના સભ્યો બહાર જતા ત્યારે ઓટોમેટિક તાળું બંધ થતું ને બહાર આગળો મારવામાં આવતો. છતાં ખાતરી કરવા બારણાની ઘંટડી ઉપરા છાપરી વગાડી. પણ કોઈએ બારણું ખોલ્યું નહિ. એટલે થયું કે શેઠાણી અચાનક કંઈ કામસર બહાર ગયાં હોવા જોઈએ. વળી સવારે એમનાં ભાભીનો ફોન આવેલો કે એમનાં બાની તબિયત ઠીક નથી, એટલે લલ્લુએ ધારી લીધું કે વધારે તબીયત બગડી હોય, તો શેઠાણી ત્યાં ગયાં હોય.

ભગુભાઈએ પૂછપરછમાં જણાવ્યું કે લલ્લુ સાતેક વર્ષનો હતો ત્યારે ચંપાના પિયરના ઘરમાં આવેલો. એના ઘરમાં છોકરાની જેમ ઊછરેલો. લગ્ન થયા પછી ચંપા આ છોકરાને પોતાની સાથે લેતી આવેલી. અત્યારે એ ૧૮-૨૦ વર્ષનો હતો. ને ઘરમાં રસોઈથી માંડીને બધું જ કામ કુશળતાથી કરતો. ચંપાબહેન પર એને ખૂબ પ્રેમ હતો.

હવે ઈન્સપેક્ટર ખરેખર ગૂંચવાયા. ઉપરથી જલ્દીમાં જલ્દી ખૂની શોધવાનું દબાણ આવતુંહતું ને અહીં રાત-દિવસની મહેનત છતાં કોઈ કડી સાંપડતી નહોતી. ચંપા જે રીતે જમીન પર પડી હતી, તે પરથી એ બાથરૂમમાંથી નાહીને તરત નીકળી હોવી જોઈએ. વાળા ધોયા હોવા જોઈએ કારણ કે જમીન પર વિખરાયેલા છૂટા વાળ નજરે ચડતા હતા. સાડી પહેરી નહોતી. એ પણ જમીન પર પથરાયેલી હતી. તપાસ કરતાં એમ લાગતું હતું કે કોઈએ સાડી કાઢી નહોતી. પણ તાજી ધોયેલી સાડી હજી પહેરવામાં આવી નહોતી. ઈન્સપેક્ટરે ધાર્યું કે બાથરૂમમાંથી સાડી લપેટી આ બાઈ બહાર નીકળી હોવી જોઈએ. અચાનક એટલામાં બારણે ઘંટડી વાગી હશે ને બારણું ખોલવા ગઈ હશે ? ખોલીને પાછી આ ઓરડામાં આવી હોય, ત્યારે હત્યા થઈ હોય એમ પણ બને. પણ એ જાણીતી વ્યક્તિ કે જેને ચંપાને ઘરમાં

દાખલ કરી હોય તે કોઈ હોઈ શકે ? શરીરની તપાસ કરતાં બળાત્કાર થયાના પુરાવા હતા. એટલે દાખલ થનારો પુરુષ જ હોવો જોઈએ. બેઠક ખંડમાં એને બેસાડી સાડી પહેરવા ચંપાબહેન આ ઓરડામાં દાખલ થયાં હશે. ને પાછળથી પેલી વ્યક્તિએ એમની પર હુમલો કર્યો હશે. પકડાઈ જવાની બીકે ચપ્પુ મારીને ખૂન કરીને નાસી ગયો હશે. બહારથી આગળો એણે જ માર્યો હોવો જોઈએ એમ લાગતું હતું.

મોડી રાત સુધી વિચાર કરનારા ઈન્સ્પેકટરના મનમાં એકાએક પ્રકાશ પડયો. કોઈ પુરુષ બહારથી જ આવ્યો છે એવું શા માટે વિચારવું ? ચંપાબહેન છેલ્લાં જીવંત જોનારો લલ્લુ જ છે. એના કહેવા મુજબ એ સાડા બારની આસપાસ બહાર ગયો ને ત્રણ સાડા ત્રણે પાછો ફર્યો એ દરમિયાન હત્યા થઈ. માની લો કે લલ્લુ દોઢ વાગ્યે હત્યા કર્યા પછી જ બજારમાં ગયો હોય તો ? બારણું બંધ કરતાં એ આપોઆપ બંધ થઈ જાય છે ને લેચકીથી જ ખૂલે છે એ વાત લલ્લુ જાણતો હતો. બહારથી આગળો બંધ કરવાથી ઘર બંધ છે એવું લોકો જાણે. તે મુજબ એણે જ આગળો બંધ કર્યો હોય તો ?

સતત પૂછતાછ પછી ઈન્સપેક્ટરનો તર્ક સાચો ઠર્યો. રડતાં રડતાં લલ્લુએ સાચી વાત કરી. બેડરૂમમાંથી નાહીને નીકળેલાં ચંપાબહેન વાળ લૂછતાં હતાં. ખભે નાખેલી સાડી લગભગ સરી પડી હતી. બંને હાથે વાળ લૂછતાં ચંપાબહેનની યુવાન પુષ્ટ છાતી ઊંચીનીચી થતી લલ્લુ સ્પષ્ટ જોઈ શકતો હતો. ચંપાબહેન બજારમાંથી શું લઈ આવવાનું છે તેની યાદી કહેતાં હતા. ત્યારે લલ્લુનું ધ્યાન એમને સપ્રમાણ આકર્ષક શરીર તરફ હતું. ગામડામાંથી મુંબઈ આવેલો લલ્લુ સિનેમાનો શોખીન બન્યો હતો. મનને ઉશ્કેરે એવાં પોસ્ટરોને સિનેમા જોઈને, વીસ વર્ષનો લલ્લુ એકદમ યુવાન બની ગયો હતો. એને શરીરમાં વિષયનો કિડો સળવળી ઊઠયો ને એણે ભાન ભૂલીને ચંપાબહેન પર હુમલો કર્યો. ગળાની સખત ભીંસ લેવાથી ચંપાબહેન બેભાન થઈ ગયાં. હવે લલ્લુ ગભરાયો. રસોડામાંથી ચાકુ લાવી બેશુદ્ધ ચંપાબહેનની છાતીમાં બે ઘા કર્યા. પછી હાથ તથા ચાકુ બરોબર ધોઈ એ પોતે નાહ્યો. કપડાં બદલી કંઈ બન્યું નથી એમ બજારમાં ગયો.

લલ્લુ આમ સીધો ને સારો છોકરો હતો. પણ ક્ષણભર માટે વાસનાનું ભૂત સવાર થઈ જતાં જ અપકૃત્ય કરી બેઠો. આને માટે ચંપાબહેનનું બેજવાબદાર વર્તન ઓછું જવાબદાર નહોતું. દરેક સ્ત્રીએ યાદ રાખવું જોઈએ કે નોકર, રસોઈયો, ધોબી કે ફેરિયો કે ડ્રાઈવર સૌ પ્રથમ પુરુષ છે. ઘરની સ્ત્રીને એની કોઈ વિસાત નહિ હોય. પણ આર્થિક રીતે પછાત વર્ગમાંથી આવતા આ પુરુષોમાં સંયમ હોતો નથી. ઉજળિયાત વર્ગની સ્ત્રીને આટલી નજીકથી જોવાની તક તેઓને ભાગ્યે જ મળતી હોય છે. તેમની વાસના ક્યારે ભડકે એ કહી શકાય નહિ. માટે ઘરમાં તેઓની હાજરીની નોંધ લઈને પૂરતાં કપડાં પહેરીને ફરવામાં જ સલામતી છે. શક્ય હોય ત્યાં સુધી સૂવાના ઓરડામાં કે ડ્રેસિંગ ટેબલ પાસે એ લોકોને આવવાની તક આપવી નહિ. એ ઉપરાંત એ ઘરના પુરુષો સાથે વધારે ઠઠ્ઠામશ્કરી પણ કરવી હિતાવહ નથી. ''અલ્યા, ક્યારે પરણવાનો ?'' કે ''તારી વહુ કેવી છે ?'' વગેરે આત્મીયતાથી દૂર રહેવું. જરૂર પડયે પૂછવા યોગ્ય માહિતી-પૂરી ગંભીરતાથી લેવામાં ડહાપણ છે. કોઈક કિસ્સાઓમાં નહાતી વખતે ટુવાલ કે કપડાં રહી જતાં નોકરને બૂમ પાડીને આપવા કહ્યું હોય ત્યારે સહેજ બારણું ખોલી નહાવાની ઓરડીમાંથી બહાર કાઢતાં નોકરે હુમલો કર્યાના બનાવો પણ બન્યા છે. આ જ કિસ્સામાં ભલે સાત વર્ષનો નાનો છોકરો ચંપાબહેનના બાપને ઘરેથી આવ્યો હોય, પણ હવે એ ૧૮-૨૦ વર્ષનો યુવાન થયો છે અને પુરુષ નોકર હોય કે ડ્રાઈવરએ પુરુષ જ રહે છે એ વાત ભૂલવા જેવી નથી. ઘરમાં સ્ત્રીઓ જ હોય, તો પુરુષ નોકર રાખવો જ નહિ. એ સલાહ ભરેલું છે. થોડીક સાવચેતી રાખવામાં આવે તો જરૂર આફતમાંથી ઊગરી જવાય.....

– *સંકલન*

# રણયોધ્ધાની માભોમ રાજસ્થાનનો યાદગાર પ્રવાસ

✍ ભગેશ ચં. કડકિયા

**(અંતિમ હપ્તો)**

**'અમે મારવાડના રહેવાસી ભાઈ અમે મારવાડના રહેવાસી'**

વર્ષો પૂર્વે આ મારવાડી કોમનું એક ગીત મારી સ્મરણ મંજૂષામાં ક્યાંક સચવાયું હશે, તે આ રાજસ્થાનની પ્રવાસગાથા લખતા આજે એકદમ હોઠ પર આવી ગયું. તેમાંયે મારવાડણની ભરત કામવાળા ઘાઘરા - પોલકાની અસલ ગામઠી વેશભૂષા તથા પાઘડીધારી બંડીને ખેસવાળા મૂળ મારવાડી પુરૂષનું વિશિષ્ઠ પહેરવેશ સાથેનું આબેહુબ વર્ણન આવતું. સાથે પાઘડીના વળ જેટલી મનમાં રહેલી આંટીઘુંટી ને કંજુસ સ્વભાવની ખાસિયત પણ તેમાં વણી લીધી હતી. અઢળક સંપત્તિ હોવા છતાં દમડી પણ ના છૂટે તેવી તેમની પ્રકૃતિએ આ પોતાનો મુલક હોવા છતાં તે ધંધા નિમિત્તે પરદેશ જઈને વસ્યા ને મારવાડને પારકો ગણ્યો. આ વાસ્તવિકતા સ્વીકાર્યા વિના છૂટકો નથી. પરંતુ પ્રભુએ આ ભોમને રણ આપવા છતાં અતિ પ્યારી ગણી તેની પ્રજામાં ખંત, શૌર્ય ને કળા કારીગરી બક્ષી અને સાથે મબલખ સંપત્તિ પણ ત્યાં છૂટે હાથે વેરી. આટલી પ્રાસ્તવિક નોંધ સાથે આપણો પ્રવાસ આગળ વધી રહ્યો છે.

રાજસ્થાનના અફાટ રણની વચમાં રણદ્વીપ સમો પ્રદેશ તે જૈસલમેર, અસલમાં તેને 'મરુસ્થળી' કહેતા. સન ૧૧૫૬માં યાદવ કુળના વંશજ અને ભટ્ટી રાજપુત રાવળ જૈસલે લોડુવરા ખાતે પોતાનો જૂનો કિલ્લો છોડી ત્રિકુટ પર્વત પર રાજધાની માટે આ સ્થળની પસંદગી કરેલી. આમ રાવળ જૈસલના નામ સાથે તે સંકળાયેલું હોઈ નવું નામ જૈસલમેર ધારણ કર્યું. પંદર હજાર ચો. માઈલનો વિસ્તાર ધરાવતું રાજસ્થાનનું સૌથી મોટું આ નગર તેના સુવર્ણ કિલ્લાને લઈ જગપ્રસિદ્ધ છે. પીળા સેન્ડ સ્ટોનમાંથી અહીં બનાવેલો ભવ્ય અંબરનો આ ૮૦ મીટર ઊંચો કિલ્લો ચોપાસ પથરાયેલ રેતાળ પ્રદેશ વચ્ચે એક સંતરીની જેમ શાનથી ઊભો છે ! એમાં સાંકડી શેરીઓ, સુંદર હવેલીઓ તથા એક બીજા સાથે જોડાયેલ પાંચ મહેલો અને ઉત્તમ કોતરણીવાળા ત્રણ જૈનમંદિરો છે, જે બારમી સદીમાં બંધાયા હતા. આ કિલ્લાના પ્રવેશ માટે ચાર દરવાજા છે. અખૈયા પોળ, ગણેશ પોળ, સૂરજ પોળ ને હવા પોળ. જૈસલમેરના ભટ્ટી રજપૂતો રજવાડાના નેતાઓ હતા. જે કીમતી રેશમ ને મસાલાના વેપાર માટે સિંઘ કે દિલ્હી જતી વણઝારો પર લેવી લઈને જીવતા હતા. આ વણઝારોએ શહેરને સમૃદ્ધ કરવામાં અગત્યનો ફાળો આપ્યો. આ કિલ્લાની મધ્યયુગીન ભવ્યતા તથા રણના વાહન માટે જોવા મળતો તેના ઊંટોનો કાફલો. તેના લોકનૃત્યો, રોમાંચક સ્પર્ધાઓ ને ઊંટોની હરીફાઈઓ, તેના ઉતસ્વો ને રંગબેરંગી કલાકારીગરીના બજારો - આ સર્વે તેને જીવંત બનાવે છે. આવો બધી રીતે અનોખો છતાંયે ભાતિગળ આ પ્રદેશ જોવા માણવા અમે બિકાનેરથી બસમાં આનંદ કિલ્લોર કરતાં છેક અહીં આવ્યા. ત્રણેક દિવસનો અત્રે મુકામ હતો. રહેઠાણની પડોશમાં કેટલાક કોટેજોની વ્યવસ્થા પણ હતી. જે ટેન્ટ-જીવનનો પરિચય આપે. સાથે ભોજનનો કાર્યક્રમ પણ તેના ખુલ્લા કમ્પાઉન્ડમાં રાખેલો, જેથી અમને પ્રકૃતિ વચ્ચે બેસવાનો ને રમત-ગમત કાજે અમૂલ્ય લ્હાવો પ્રાપ્ત થયો.

નગર દર્શન માટે પ્રથમ તેના સુવર્ણ કિલ્લાની મુલાકાત લીધી. સંરક્ષણની દષ્ટિએ આ કિલ્લાની ડિઝાઈન કરેલી ને તેને તૈયાર કરતાં કુલ સાત વર્ષો લીધેલા. તેમાં ૯૯ તો બુરજો છે. સુરજના પ્રથમ કિરણો

તેના સુરજ દ્વાર પર રાખેલ સૂર્યની પ્રતિમા પર પડે તેવી તેની અદ્‌ભુત રચના છે. પછી તેની ભવ્ય હવેલીઓ જોવા ગયા. નાથમલજીની હવેલી ૧૯મી સદીમાં બંધાવેલી ને તેમાં અતિશય બારીક કોતરણીવાળું સ્થાપત્ય છે. બે ભાઈઓએ આ મહાલયના જમણા ને ડાબા હિસ્સાને તૈયાર કરેલા, જે સમાન ન હોવા છતાં ડિઝાઈનમાં સમાન અને સમતોલ જણાય છે. એની અંદરની દિવાલો લઘુચિત્રોથી સમૃદ્ધ છે. આ હવેલીઓમાં વચમાંનો ભાગ સદા ખુલ્લો રખાતો. જેથી આકાશ સાથેનો તેનો નાતો જળવાઈ રહે ને બહારનો કચરો તેમાં ના પ્રવેશે. પીળા પથ્થરોમાં બાંધેલી સલીમસિંહની અદ્‌ભુત હવેલી ૩૦૦ વર્ષ જૂની છે. જેના પર મોરના આકારનું છત છે. તેના કોતરકામનીવાળા ઝરૂખાઓ ને સુંદર નકશીકામ માટે તે પ્રખ્યાત છે. તેનું ગડસિસર સરોવર ચોપાસે મંદિરોથી ઘેરાયેલું છે ને સહેલાણીઓ માટે નૌકાવિહાર કરવા ઉત્તમ છે. આ સિવાય પણ અનેક હવેલીઓ અહીં જોવાલાયક ગણાય છે.

જો સમયની અનુકૂળતા હોય તો તેનો આનંદ પણ માણી શકાય. તેના ત્રણ જૈન મંદિરોમાં અલગ તીર્થંકરોની સ્થાપ્ના કરેલી છે ને તે દરેકમાં સુંદર કોતરકામની તથા બારીક નકશીકામ જોવા મળે છે. મારવાડી કોમમાં જૈનોનું પ્રમાણ વધારે : આથી સ્વાભાવિક તેમનાં ભવ્ય દેવસ્થળો સર્વત્ર જોવા મળે. અમે એક દિવસ Sam Sand Dunesના અનોખા તંબુ જીવન માટે ફાળવેલો. અમારા લોકોની સંખ્યા વધારે હોઈ અમે બે ભાગમાં વિભાજીત થયા. જેથી સૌ ટેન્ટ - જીવનને મોકળાશથી માણી શકે. રણ સાથેનો પ્રત્યક્ષ ને જીવંત પરિચય આ વેળા થવાનો હતો.

આપણા મૌલિક ચિંતક શ્રી ગુણવંતભાઈ શાહે તેમની પ્રવાસ ગાથામાં આ રણનો આબેહુબ ચિતાર આપ્યો છે : ‘જગતના તમામ માણસોને, પ્રાણીઓને, પંખીઓને ને સકળ જીવજંતુઓને એકસૂત્રે બાંધનારો ખરો ધર્મ તે તરસધર્મ. તરસ સાર્વત્રિક નિષ્પક્ષ ને ખરા અર્થમાં બિનસાંપ્રદાયિક હોય છે. તરસ ધર્મનું સ્વચ્છ અને વિશાલ તીર્થક્ષેત્ર એટલે રણ. રણદ્વીપ એનું મંદિર છે અને રેતી એની ભસ્મ છે. તરસ દેવતાનું વાહન ઊંટ છે અને ઝાકળ છે ચરણોદક. તરસ ધર્મના તીર્થક્ષેત્રની ઝંખના એટલે મૃગજળ. આ મૃગજળના મેઘ ધનુષ તો રણમાં જ શોભે.’ અમારી સાથે આવેલ સહપ્રવાસી બહેન પ્રવીણાને આ રણને જોઈ સહજ એક કાવ્ય સ્ફુર્યું :

‘હાથમાંથી નિસરી પેલી રજકણ
વાયરાની સંગે તેને ના રહે કોઈ ભાન રે...
કેવી શુદ્ધ અને કેવી પવિત્ર
કંચનવરણી ભાસે
મલિનતાથી અલિપ્ત રહીને
વાયુ સંગ લહેરાય રે...
સૂરજ સંગ તેનો નાતો અનેરો
જલ વિણ હરદમ તલસે
કદી ઉરેથી હરફ ન ઉચરે
વાયુ સંગ લહેરાય રે
ફરી જીવનમાં ક્યારે મળીશું
અંતરે અભિલાષા રે
ના મળીએ તો આ જીવનની સ્વીકારજે જુહાર રે
વાયરાની સંગે તેને ના રહે કોઈ ભાન રે...

બસમાં બેસી અમારું ગ્રુપ પ્રથમ આ રેતીના ટીલાની મુલાકાતે ગયું. ત્યાં જ તેના આધુનિક ટેન્ટોમાં, અમારો રાતવાસો હતો. જેમાં તેમણે બધી સુવિધાઓ રાખેલી. અતિ રમણીય પ્રદેશ. ચોગરદમ માત્ર રેતીના દર્શન જ થાય. ટેન્ટની ગોઠવણી વર્તુળાકારે હતી. વચમાં ખુલ્લી જગ્યા. જ્યાં ગોળાકારમાં ખુરસીઓ રાખેલી અને મધ્યમાં કેમ્પ ફાયર તથા સંગીતના જલસા ને લોકનૃત્ય માટેનું ચોગાન. ફાનસની બત્તીઓ તમને ચોપાસે પથનું માર્ગદર્શન કરાવે ને નીરવ રણનો અનોખો પરિચય આપે. ત્યાં પહોંચ્યા ને સાંજના ચ્હાપાણીની

વ્યવસ્થા આ ખુલ્લા મેદાનમાં રાખેલી. સૌ ખુશખુશાલ. આવો અવર્ણનીય આનંદ બીજે ક્યાં મળવાનો ? પોતાના ટેન્ટનો કબ્જો લઈ સાયંકાળે ઊંટ સફારી માટે સૌ પોતાના ગ્રુપમાં રણના વિશાળ ટીલાને ખુંદવા નીકળી પડ્યા. દરેક ઊંટ પર બે સવારો જ લે. જીવનમાં પ્રથમ વાર આવો ઊંટપ્રવાસ ખેડ્યો. પ્રત્યેકના મોં પર તમને ખુશાલીના દર્શન થાય. અંતે થાકીને બધાએ સૂર્યાસ્ત જોવા રેતીના ટેકરા પર લંબાવ્યું. રાત્રે ફરીને સાંસ્કૃતિક કાર્યક્રમ ને ડીનર કાજે સૌ તે ચોગાનમાં એકઠાં થયા ને પોતપોતાના ગ્રુપમાં બેસી દિનભરના અનુભવોની આપ-લેમાં ગુંથાયા. અંધારું થતાં લોકસંગીત, દેશી વાજિંત્રોની સૂરાવલી તથા અનોખો દેશી લોક નૃત્યોનો પ્રોગ્રામ શરૂ થયો. ભારતીય કળા ને સંસ્કૃતિનો વારસો તમને આવા સ્થળે માણવા મળે. બે-ત્રણ કલાકની આ મહેફિલમાં સૌ આનંદભેર રંગાયા ને પછી રાજસ્થાની ડીનરની લહેજત માણવાની હતી. રણનો સુસવાટો ને તેનું એકાંત આ સંગીતના જલસામાં પોતાની નોખી ભાત પાડતું હતું. મોડી રાતે, દિનભરનો થાક ઉતારવો ને રણની શાંતિનો વૈભવ માણવા સૌ ટેન્ટમાં ગયા.

હા કેટલાક વહેલી સવારે મોર્નિંગ વોક સાથે સૂર્યોદયનો લ્હાવો લેવા આ રણના ટેકરા પર જઈ પહોંચ્યા. ખુલ્લા આકાશ દર્શન સાથે પ્રકૃતિનું આ રમ્ય સ્વરૂપ નિહાળવાનો અવસર આવો ભાગ્યે જ સાંપડે ! શાંતિપ્રિય એવા આ નગરને છોડતા તેના વિકસેલા હુન્નર ઉદ્યોગો, ભાતભાતના કપડાં પરનું ભરત કામ ને સોના-ચાંદીના દાગીનાઓ તથા લક્કડ પરનું રંગીન કોતરકામ ધ્યાન પર આવે એ સહજ છે.

હવે અમે જોધપુર તરફ બસ હંકારી, વચમાં પોખરાન આવે, જ્યાં ભારતે પ્રથમ અણુ પરીક્ષણનો પ્રયોગ કરી ખળભળાટ મચાવી દીધેલો. ઐતિહાસિક રીતે પંકાયેલું આ કિલ્લાબંધી નગર જ્યાં રાઠોડ વંશનો પ્રભાવ આજેય જોવા મળે છે. મોડી સાંજે અમે જોધપુર આવ્યા. મારવાડ રાજ્યની એક વખતની તે રાજધાની ઈ.સ. ૧૪૫૯માં રજપૂતોના રાઠોડ વંશના રાવ જોધાએ સ્થાપી હતી. ૧૬મી સદીમાં વેપારથી ધમધમતું તે કિલ્લાવાળું શહેર વિસ્તારમાં રાજસ્થાનનું બીજા નંબરનું શહેર. સમગ્ર શહેરમાં પથરાયેલા સુંદર રાજમહેલો, મંદિરો વગેરે તેની ઐતિહાસિક ભવ્યતાનો ખ્યાલ આપે છે. તો ઉત્કૃષ્ટ હસ્તકળા, લોકનૃત્યો, પરંપરાગત સંગીત ને તેની ભપકાદાર વેશભૂષા તેને અલૌકિક આભા બક્ષે છે. તેમાં તેના વિશાળ ને ઘુમરાતા રસ્તાઓ તેની શાનમાં વધારો કરે છે. અહીં આરટીડીસી હોટલ ઘુમરમાં અમારે બે દિવસનો મુકામ હતો.

પ્રથમ અમે પંદરમી સદીમાં બંધાવેલો તેનો મહાકાય મહેરાનગઢ કિલ્લો, જે રણની ભૂમિથી ચારસો ફૂટ ઊંચાઈએ એક ટેકરા પર અડીખમ ઊભેલો છે તે જોયો. શહેરની ચોપાસ ઊંચી દીવાલ છે, જે દસ કિમી લાંબી છે ને અને આઠ દરવાજા તથા સંખ્યાબંધ બુરજો છે. આ કિલ્લામાં અમે જશવંત થડાનો મહેલ જોયો. મહારાજ જશવંતસિંહ બીજાના સ્મૃતિમાં સફેદ આરસપહાણમાંથી તે બંધાવેલો. જેમાં અલગ શાસકોના તૈલિચત્રો મૂકવામાં આવ્યાં છે. ઉમેદ ભવન મહેલ વીસમી સદીમાં બંધાવેલો ને જે તૈયાર થતાં સોળ વર્ષો લાગેલા. રાતા રંગના રેતિયા પથ્થરોથી બંધાયેલી આ સમૃદ્ધ, ભવ્ય ઈમારત ભૂતકાળના શાસકોનું આજે નિવાસસ્થાન છે. એના એક ભાગમાં હોટેલ ને બીજા ભાગમાં સંગ્રહસ્થાન છે. આ સિવાય કિલ્લામાં પ્રખ્યાત મોતી મહલ, ફૂલ મહલ, શીશ મહલ, સિલેહખાના ને દૌલતખાના જોવાલાયક છે. જેમાં રજવાડીક સંપત્તિ પાલખીઓ, હાથીની અંબાડી, સંગીતના વાદ્યો, ફર્નિચર, મિનિએચર પેઈન્ટિંગ્સ તથા વિવિધ વેશભૂષાઓ વગેરે સંગ્રહિત થયેલી જોવા મળે છે. તેના સરદાર માર્કેટમાં હસ્તકલાની વસ્તુઓ મળે છે.

અહીંથી ૮ કિમી દૂર આવેલ જોધપુરની જૂની રાજધાની મંડોરમાં રાજવીઓના સ્મરણસ્તંભો છે. તેમાં પથ્થરમાંથી કોતરેલી હિંદુ દેવતાઓની ૧૫ મૂર્તિઓ ધ્યાન ખેંચનારી છે. ત્યાંના મહામંદિરમાં ૮૪ કોતરેલા થાંભલા છે. ૫ કિમી દૂર આવેલું બાલસમંદ સરોવર ઈ.સ. ૧૧૫૯માં બંધાવેલું. જેની આસપાસ સુંદર બગીચા છે ને કિનારે સમર પેલેસ છે. આ જોધપુરની બાંધણી જગવિખ્યાત છે, જેના પર ખરીદી સમયે બહેનો તૂટી પડે છે. અહીંનો મુકામ પૂરો થતાં અમે બસમાં શ્રી નાથદ્વારા જવા નીકળ્યા. વચમાં રાણકપુર તીર્થ આવે. અહીંના દહેરાસરો તેની કારીગરી ને બારીક નકશીકામ માટે પંકાયેલા છે. અમારો લંચનો કાર્યક્રમ અહીં ખાતે રાખેલો, જેથી એક કાંકરે બે પક્ષી મરાય. વિશાળ ચોગાનમાં આવેલા આ જૈન મંદિરો શેઠ આનંદજી કલ્યાણજીએ બંધાવેલા. અદ્‌ભુત કોતરકામની ને સુંદર પ્રતિમાઓ તેના થાંભલાઓ પર ને છત પર જોવા મળે. તેના ગુંબજો પણ નકશીકામથી કંડારેલા. ગાઈડની મદદથી તેના ઈતિહાસ સાથે તેની ચોમેર પ્રદક્ષિણા કરી તેનું બારીકાઈથી અવલોકન કર્યું. હવે અહીંથી અમે આખરી મંજિલે જવાના હતા. મૂળ કાર્યક્રમમાં આ નાથદ્વારાનું મંદિર આમે જ નહોતું. આથી કેટલાક તો અહીંથી ફાલના થઈ મુંબઈ જવા નીકળ્યા. પણ જેમને અનુકૂળતા હતી અને ઠાકોરજી પર અનન્ય શ્રદ્ધા હતી તે ઉદેપુર થઈને દર્શનાર્થે નાથદ્વારા આવ્યા. અહીં સવારે પાંચથી સાંજના સાત સુધી અનેક ભોગના પુષ્ટિ માર્ગના ધર્મ અનુસાર જુદા જુદા દર્શન થતાં હોય છે. મંદિરના આ દર્શનનો જ અહીં મહિમા હોઈ તે નિમિત્તે આ નગરનો વિકાસ થયેલો જોવા મળે છે. દેશવિદેશના લાખો યાત્રાળુઓ અહીં ધાર્મિક શ્રદ્ધાના કારણે ખેંચાઈને આવતા હોય છે. પરિણામે આ જાત્રાનું ધામ આર્થિક તેમ જ રોજગારીની દૃષ્ટિએ સંપન્ન જણાય છે. અહીં અમે બે રાત રોકાવાના હતા. અમારી બન્ને હોટેલોમાં બધી જ સુવિધાઓ હતી. આથી કોઈને કોઈ પણ બાબતમાં અગવડ ના હતી. એક દિવસ અમારામાંથી કેટલાક હોંસીલા પ્રવાસીઓએ ભાડેથી ગાડી કરી ઉદેપુર નગરના જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી. તેમાં રાણા પ્રતાપની શૂરવીરતાનો ઈતિહાસ તથા તેના ચેતક ઘોડાની સમાધિના દર્શનથી સૌ ભાવ-વિભોર બન્યા. આપણા શાયર કવિ ઝવેરચંદ મેઘાણીએ આ વીર પુરૂષને અંજલિ આપતાં લખ્યું છે :

**રણવગડા જેણે વીંધ્યા, વહાલી જેને વનવાટ**
**જે મરતા લગ ઝંખેલો ઘનઘોર વિજન રઝળપાટ**
**જે ગગન ચુંબતા ગિરિશ્રૃંગે સુણતો હાકલ અવિરામ**
**એ સુભટ કાજ કો નવ કહેજો : 'પ્રભુ દે એને વિશ્રામ !'**

આ સિવાય અહીંના મહેલો, બગીચા તથા સુંદર સરોવર ને ગણેશનું મંદિર વગેરે અમે પાંચ-છ કલાકની મુસાફરીમાં જોયાં.

આમ જોતજોતામાં અમારો પ્રવાસ પૂરો થયો. અંતે ફાલના થઈ સૌ પોતાના ધામ, મુંબઈ રેલવેના એરકન્ડીશન કમ્પાર્ટમેન્ટમાં બેસી આવી પહોંચ્યા.

દરેક પ્રવાસને પોતાની આગવી વિશિષ્ટતા હોય છે. કોઈક પ્રવાસ માત્ર ભક્તિ સાથે સંકળાયેલો હોય છે. તેમાં દેવદેવીઓના દર્શન કેન્દ્રમાં રહે. માહોલ હૃદયના ભાવ સાથેનો હોઈ તે યાત્રા બને. વળી કેટલાક પ્રવાસો પ્રકૃતિના સાંનિધ્યમાં તેનું રસપાન કરવામાં ગાળવાના હોય. સૌંદર્યનો મહિમા કુદરતના આ પ્રવાસ સાથે જોડાયેલો હોય. સંવેદનશીલોને તેમાં સર્જન સ્ફુરે ને મનની મસ્તીમાં તે રમમાણ રહે. મોટાભાગના લોકો પ્રવાસ ખાણીપીણીના આનંદ કાજે કે તેની બીજા સમક્ષ ગણતરી કરવાના હેતુથી કરતા હોય છે. જેમાં કોઈ ઉદ્દેશ હોતો નથી. કોઈ વિરલા જ સહેતુક, ધ્યેયને આંબવા ને નિજના વિકાસ માટે પ્રવાસ ખેડતા હોય છે. આખરે તો વાચકે જ પ્રવાસગાથા વાંચી તેને મૂલવવાનું કામ કરવાનું રહે છે.

સમાપ્ત

# બાલાસિનોર વિદ્યામંડળ

બાલાસિનોર વિદ્યામંડળની ૩૯મી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર, તા. ૨૯-૦૯-૨૦૦૬ના સાંજે ૪.૩૦ કલાકે શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)ના પ્રમુખ સ્થાને બાલાસિનોર વિદ્યામંડળની ઓફિસ, જૈન દેરાસર પાસે, ભટ્ટવાડી ખાતે મળી હતી.

પ્રમુખશ્રીએ મંડળની વિવિધ પ્રવૃત્તિઓથી હાજર રહેલ સભ્યોને માહિતગાર કર્યાં હતાં. તેઓશ્રીએ મંડળના ઉચ્ચ લક્ષ્યો સાકાર કરવામાં મદદરૂપ થવા બદલ સૌ કારોબારી સભ્યોનો, પ્રાચાર્યશ્રીનો, કોલેજના શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફનો અને ખાસ તો સૌ દાતા પરિવારોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

૩૮મી વાર્ષિક સામાન્ય સભામાં જાહેર કરેલ યોજના પ્રમાણે બાલાસિનોરની સ્થાનિક એક વિદ્યાર્થિનીને ''Nursing Course'' માટે ટ્યુશન ફી આપવાની મંજૂરી આપી. આમ સ્થાનિક બહેનોને ''Nursing Course'' માટે પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુ સાથે શ્રીગણેશ કર્યા. તથા સૌ સભ્યોને આ કોર્સમાં જોડાવવા આતુર બહેનો માટે વિદ્યામંડળને ભલામણ કરવાની વિનંતી કરવામાં આવી.

આપણી કોલેજનું વાર્ષિક મુખપત્ર 'માંડવડી' પ્રકાશનના આખરી તબક્કામાં છે. જે મંડળના દરેક સભ્યોને ત્વરિત ટપાલ દ્વારા મોકલી આપવામાં આવશે.

મંડળના બંધારણમાં સુચિત સુધારા અસામાન્ય સભામાં બહુમતીથી પસાર કરેલાને ચેરિટી કમિશનરને મંજૂરી માટે મોકલેલ તેની મંજૂરી નવેમ્બર માસમાં મળશે. હવેથી દર પાંચ વર્ષે ચૂંટણી થશે અને તેનો ''Change Report'' Charity commissionerને મોકલવાનો રહેશે જેથી નાણા અને સમયની બચત થશે અને બિન જરૂરી વહીવટી પ્રથા - પ્રાણાલિકા નિભાવવામાં વહીવટી સ્ટાફ અને કારોબારી સમિતિના સભ્યોને વિરામ મળશે.

# બાલાસિનોર વિદ્યામંડળ અનુકરણીય દાન

(૧) સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂા. એક લાખ)નું માતબર દાન આપણી જ્ઞાતિના સમાજસેવક તથા લોકપ્રિય દાતા મુરબ્બી શ્રી રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) પરિવાર તરફથી .............ના ન્યાસ ફંડ પેટે એમએ (અનુસ્નાતક)ના ગુજરાતી વિષય માટે મળ્યું છે.

દાનની રકમના વ્યાજમાંથી ગુજરાતી વિષય સાથે અનુસ્નાતક વર્ગમાં અભ્યાસ કરતા પ્રથમ અને દ્વિતીય ક્રમાંકે આવતા બન્ને વર્ષના બબ્બે વિદ્યાર્થીઓને પારિતોષિક આપવામાં આવશે.

(૨) સંસ્થાને સેતુભાઈ રસિકલાલ ગાંધી (પાકા) પરિવાર તરફથી તેમના પિતાશ્રી રસિકલાલ મોજીલાલ ગાંધી (પાકા)ની મધુર યાદમાં રૂા. ૧૧,૧૧૧ (અંકે રૂા. અગિયાર હાજર એકસો અગિયાર)નું દાન બુક બેંક સહાય માટે મળ્યું છે.

જે રકમ તે વર્ષમાં જરૂરી વિદ્યાર્થીઓને Set of Text Book આપવા માટે વાપરવામાં આવશે.

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો બન્ને દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે. અને તેમના પરિવારોના સૌ સભ્યોના સુખ, શાંતિ તથા ઉત્કર્ષ માટે ખરા દિલથી પ્રભુને પ્રાર્થના કરે છે.

સંસ્કૃતમાં શ્લોક છે - 'સો માણસોમાં એકાદ જ શુરવીર મળે, હજારોમાં એકાદ જ વિદ્વાન હોય, દસ હજારે એક સારો વક્તા હોય જ્યારે દાનવીર તો હોય કે ન હોય.''

''દાતા ભવતિ વા ન વા ''

સંસ્કૃતમાં બીજો શ્લોક છે - ''ઈશ્વર શક્તિ આપે છે બીજાનું રક્ષણ કરવા, ધન આપે છે બીજાને મદદ - દાન કરવા, જ્ઞાન આપે છે બીજાને વહેંચવા, જે ઈશ્વરની ઈચ્છાનું પાલન કરે છે તેની શક્તિ, ધન તથા જ્ઞાન વધતા જ જાય છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા) પુરુસ્કૃત
# ૫૫મો વાર્ષિક રસોત્સવ

નવા વર્ષે લોકોને મળવાનો અને નવા વર્ષની શુભેચ્છા આપવાનો મોકો આપણને રસોત્સવ દરમિયાન મળી રહે છે. આ વર્ષે ૫૫મો રસોત્સવ તા. ૨૯મી ઓક્ટોબરના રોજ સવારે ૯.૦૦ કલાકે બિરલા માતુશ્રી સભાગૃહ ખાતે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં નિખિલભાઈ પરીખે સૌને આવકાર આપી શુભેચ્છાઓ આપી હતી. મંત્રી શ્રી પ્રદીપભાઈ કડકીઆએ મંડળની આગામી પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી અને લોકોના સાથ-સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી. આ વર્ષના રસોત્સવ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી શશીકાંતભાઈ મણીલાલ ગાંધી ઉપસ્થિત હતાં. તેઓનો પરિચય શ્રી નવનીતભાઈ માટલીએ આપ્યો હતો. શ્રી શશીકાંતભાઈનું શાલ દ્વારા સન્માન પ્રદીપભાઈએ તથા મોમેન્ટો દ્વારા સન્માન પ્રમુખ શ્રી આસીત દેસાઈએ કર્યું હતું. શશીકાંતભાઈના પુત્રો શ્રી નિલેશભાઈ અને શ્રી અનીષભાઈનું સન્માન બુકે દ્વારા ઉપપ્રમુખ ભદ્રેશભાઈ ધારીઆ તથા સંયોજક શિરિષભાઈ પરીખના હસ્તે કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન શશીકાંતભાઈએ સંઘની પ્રવૃત્તિઓની કદર કરી હતી અને જણાવ્યું હતું કે સમાજના ઘડતર માટે જેટલા દાતાઓ અગત્યના છે એટલાં જ અગત્યના નિ:સ્વાર્થભાવે સેવા કરતાં કાર્યકર્તાઓ મહત્ત્વના છે. અને સંઘને તથા આપણી બધી જ સંસ્થાઓને દાતાઓ અને કાર્યકર્તાઓનો એક સુંદર સુમેળ પ્રાપ્ત થયો છે એટલે જ આપણો સમાજ આગળ વધી રહ્યો છે. સંઘના પ્રમુખ અસીતભાઈએ સૌને નવા વર્ષની શુભેચ્છા આપી હતી તથા આવા સાલસ અને નિખાલસ વ્યક્તિ શ્રી શશીકાંતભાઈ મુખ્ય મહેમાન તરીકે મળ્યા બદલ સંઘ દ્વારા ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે તેઓએ મુખ્ય મહેમાન શશીકાંતભાઈ દ્વારા અપાયેલ રૂપિયા એકાવન હજારના માતબર દાનની જાહેરાત કરી હતી. જેને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવી હતી. અમેરિકાથી આવેલ બાલાસિનોર એસોસિયેશન ઓફ અમેરિકાના પ્રમુખ શ્રી કૌશિકભાઈ પુનમચંદ પરીખનું પણ બુકે દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લે આભારવિધિ સહમંત્રી નિતિનભાઈ પરીખે કરી હતી. ત્યાર બાદ 'હસતું મોઢું રાખો' નાટક પ્રેક્ષકોએ માણ્યું હતું.

---

## યથાર્થનું અવમૂલ્યન

ચાલાક વેપારી પોતાની આવક છુપાવે છે. સ્ત્રી પોતાની ઉમંર છુપાવે છે. મેઈક-અપ આખરે શું છે ? જે હોઠ લાલી વગરના હોય તેને લાલ બનાવવાનો અભરખો લિસ્ટિકના વેચાણ માટે જવાબદાર છે. માણસ પોતાના જીવન દરમ્યાન કેટલી બધી બાબતો છુપાવે છે. આદરણીય અને સન્માનનીય ગણાંતા માણસની પત્નિને જ ખબર હોય છે કે પોતાનો પતિ ખરેખર કેવો છે. ઘણાં ખરાં મોટા ગણાંતા માણસોની ઈજ્જત એમની પત્નીના મૌન ને કારણે જળવાઈ જાય છે.

*- સંકલન*

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) રીમલ એન. શાહ
ગૌરી આર. શાહ
૨૦૩૨૧, મેડલીસ્પ ડ્રાઈવ,
વી.એ. ૨૦૧૪૭,
ફોન : ૭૦૩-૮૪૨-૭૫૭૪
મો. : હેમલ - ૭૦૩-૩૫૦-૮૭૨૯
મો. : ગૌરી - ૭૦૩-૩૫૦-૮૭૩૧

૨) પુનમચંદ ભીખાલાલ પરીખ
૩/૮૪, સહકાર નિવાસ
૨૦, તારદેવ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૩૪.

## તેજસ્વી તારલાં

– પ્રેરક ઉદયકુમાર ધારીઆ (ઓલ્લા) CBSE ધો. ૧૨માં ૯૨ ટકા માર્કસ આવ્યા છે. Mathematicsના ૧૦૦/૧૦૦ તેમ જ વડોદરામાં ૮મો નંબર આવ્યો છે. તેઓને સંસ્થા વતી હાર્દિક અભિનંદન.

## નવા ફોન નંબર

૧) ભરત જયંતીલાલ કડકીઆ (કુણીવાળા)
ઘર : ૨૮૬૮ ૮૨૮૨

૨) ચંદ્રકાન્ત શાહ (ચટઈ)
મોબાઈલ : ૯૩૨૩૨ ૫૮૨૮૭

## શુભ લગ્ન

૧. રિધ્ધિ અજયકુમાર દોશી
કુનાલ સોહનભાઈ મોદી

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
### આયોજીત
## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત

ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો આ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર, પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

વધુ વિગત માટે સંપર્ક કરો.

**મંજુલ શૈલેષ ધારીઆ**

✆ : ૨૪૯૩૩૬૧૮ • ૫૬૮૦૨૪૪૧
૯૮૨૦૧૩૫૦૧૪

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| બાબુલાલ ચીમનલાલ ધારીયા (ધરીયા બાપજી) | ૭૮ |
| અ.સૌ. ઈન્દિરાબેન રજનીભાઈ શાહ (ઠાસરાવાળા) | ૬૨ |
| ચંદ્રિકાબેન કનુભાઈ ઝવેરી (અમદાવાદ) | ૭૨ |
| ગં.સ્વ. ઈન્દિરાબેન કનૈયાલાલ પરીખ (ગુંથરીવાલા) | ૭૩ |
| ગં.સ્વ. કુમુદબેન વલ્લભદાસ કડકીયા (સીતારામ) | ૮૦ |
| કિરીટકુમાર મુળજીભાઈ ધારીયા (મુછારી) | ૫૯ |
| અ.સૌ. મીનાક્ષીબેન મહેન્દ્રભાઈ મોદી (ઠાસરાવાળા) | ૬૧ |
| અ.સૌ. શમિષ્ઠાબેન વિનયકાન્ત મોદી (બાલી) | ૬૧ |

બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે
E-mail Address - vadsol@balasinor.org